**BEP**

# PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of The Post** | **Child Marriage Prevention Officer cum District Social Defence Officer, GSS, Class-2** |
| **Advertisement No** | **03/2023-24** |
| **Preliminary Test Held On** | **06-08-2023** |
| **Que. No.** | **001-300** |
| **Publish Date** | **07-08-2023** |
| **Last Date to Send Suggestion (S)** | **17-08 -2023** |

## Instructions / સૂચના (Physical Submission)

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted in prescribed format of suggestion sheet PHYSICALLY.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (Suggestion Sheet) published on the website.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question shall be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered & treated as Cancelled.

(7) Candidate who is present in the exam entitled to submit the objection/(s).

(8) Candidate should attach copy of his/her OMR (Answer sheet) with objection/(s).

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા-સૂચન પત્રકથી રજૂ કરવાના રહેશે.

(2) ઉમેદવારે પ્રશ્નપ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ નિયત વાંધા-સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્ર માં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહી.

(5) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચન ધ્યાનમાં લેવાશે નહી.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહી.

(7) પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ વાંધા - સુચન રજુ કરી શકશે .

(8) ઉમેદવારે વાંધા-સુચન સાથે પોતાની જવાબવહીની નકલ બિડાણ કરવાની રહેશે.

001. નીચેના પૈકી નદી સીંધુ નદીની ઉપનદી (Tributary) નથી ?

(A) બીયાસ (Beas)
(B) ઝનસ્કાર (Zanskar)
(C) કેમાંગ (Kameng)
(D) શ્યોક (Shyok)

002. નીચે આપેલ વાક્યો ચકાસો.

1. ક્લાયમેટ ચેન્જના કારણે ચોમાસા પહેલા અને પછી, અરબ સાગરમાં ચક્રવાતની સંખ્યાઓ ઘણીજ વધી ગયેલ છે.

2. બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં દુનિયાના કુલ ચક્રવાતના, 50% ચક્રવાતો થાય છે.

(A) માત્ર 1 વાક્ય યોગ્ય છે.
(B) માત્ર 2 વાક્ય યોગ્ય છે.
(C) 1 અને 2 બંને વાક્યો યોગ્ય છે.
(D) 1 અને 2 બંને વાક્યો યોગ્ય નથી.

003. Ten degree ચૅનલ કયા બે વિસ્તારો વચ્ચે આવેલ છે ?

(A) સાઉથ અંદામાન અને લીટલ અંદામાન
(B) નોર્થ અંદામાન અને મીડલ અંદામાન
(C) અંદામાન અને નિકોબાર ટાપુઓ
(D) કાર નિકોબાર અને ગ્રેટર નિકોબાર

004. સતલજ નદી કયા પહાડના ઘાટમાંથી ભારતમાં પ્રવેશે છે ?

(A) નીતી પાસ (Niti Pass)
(B) માના પાસ (Mana Pass)
(C) શીપકી લા પાસ (Shipki La Pass)
(D) નથુ લા પાસ (Nathu La Pass)

005. નીચેના પૈકી કઈ નદી ડેલ્ટા 'Delta' બનાવતી નથી ?

1. તાપી 2. મહાનદી 3. નર્મદા 4. ગોદાવરી

(A) 1 અને 2
(B) 1 અને 3
(C) 1 અને 4
(D) 1, 2, 3 અને 4

006. ગંગા નદીના પ્રવાહને બાંગ્લાદેશમાં .......... નામે ઓળખાય છે.

(A) ભાગીરથી
(B) હુગલી
(C) પદ્મા (Padma)
(D) બ્રમ્હપુત્ર

007. મણીપુર રાજ્યમાં આવેલ મીઠા પાણીના સરોવરનું નામ શું છે ?

(A) વુલર (Wular Lake)
(B) ચિલીકા (Chilika Lake)
(C) લોકતક (Loktak Lake)
(D) બારપાની (Barapani Lake)

008. ભારતમાં સૌ-પ્રથમ તાંબાની ખાણ (Copper mine) કઈ જગ્યાએ શરૂ કરવામાં આવેલ હતી ?

(A) સિંદરી - બિહાર
(B) પોર્ટોનોવા - તામીલનાડુ
(C) ઘાટશિલા - ઝારખંડ
(D) રાનીપેટ - તામીલનાડુ

009. માઉન્ટ એવરેસ્ટ પર ચઢનાર વિશ્વની પ્રથમ મહિલા કોણ હતી ?

(A) જાુકો તેબઈ
(B) મારગ્રેટ એબેટ
(C) લાક્યા શેરપા
(D) બેલેન્ટા તેરેશ્કોવા

010. ભારત વિશ્વના ભૂમિભાગના કુલ ક્ષેત્રફળનો (લગભગ) કેટલો હિસ્સો ધરાવે છે ?

(A) 2.4%
(B) 3.5%
(C) 4.6%
(D) 1.3%

011. તામીલનાડુનું પ્રખ્યાત લોકનાટ્ય કયું છે ?

(A) તેરૂકુટૂ (Therukoothu)
(B) કોલાત્તમ (Kolattam)
(C) ડપ્પું (Dappu)
(D) લંબાડી (Lambadi)

012. નીચેના પૈકી કયા સ્થળો મુરલ પેન્ટીંગ (Mural painting) માટે જાણીતા છે ?

1. અજંતા ગુફાઓ    2. લેપાક્ષી મંદિર    3. સાચીનો સ્તુપ

(A) 1 અને 3
(B) 2 અને 3
(C) 1 અને 2
(D) 1, 2 અને 3

013. નીચેના પૈકી કયું પુસ્તક શ્રી અરવિંદ ઘોષ દ્વારા લખવામાં આવેલ હતું ?

(A) દક્ષિણા
(B) ભવાની મંદિર
(C) ગુલાબનો કિસ્સો
(D) કસરત

014. માઉન્ટ આબુ પાસે આવેલ લુના વસાહી મંદિર (Luna Vasahi Temple) કોને અર્પિત કરવામાં આવેલ છે ?

(A) વરાહી માતા
(B) શંકર ભગવાન
(C) નેમીનાથ ભગવાન
(D) ગણેશ ભગવાન

015. ભારતના નેપોલીયન તરીખે કોણ પ્રખ્યાત છે ?

(A) સમુદ્ર ગુપ્ત
(B) વિક્રમાદિત્ય
(C) સ્કંદ ગુપ્ત
(D) કુમાર ગુપ્ત

016. મહમદ તઘલકે શરૂ કરેલ ‘‘દિવાને કોહી’’ કઈ બાબત સાથે સંકળાયેલ હતું ?

(A) ફળદ્રુપ જમીન પરનો મહેસુલી દર વધારવો
(B) લશ્કરી સાધનોની ખરીદી
(C) ખેતી વાડી ખાતુ
(D) કુદરતી આફતો સામનો કરવાનું આયોજન

017. ગુપ્ત સામ્રાજ્ય દરમ્યાન પ્રખ્યાત બાઘ પેન્ટીંગ (Bagh painting) ના અવશેષો હાલના કયા રાજ્યમાં જોવા મળે છે ?

(A) મહારાષ્ટ્ર
(B) છત્તીસગઢ
(C) બિહાર
(D) મધ્યપ્રદેશ

018. ‘‘શોમપેન આદિજાતી’’ (Shompen Tribe) કયા વિસ્તારમાં જોવા મળે છે ?

(A) મીઝોરામ
(B) આસામ
(C) નાગાલેન્ડ
(D) નિકોબાર ટાપુઓ

019. નીચે આપેલ વાક્યો ચકાસો.

1. જસવંતરાય અંજારિયા આર્થિક ક્ષેત્ર સાથે સંકળાયેલ છે અને તેઓને 1957માં પદ્મશ્રી (Padmashri) એવોર્ડ આપવામાં આવેલ હતો.

2. લાલચંદ હિરાચંદ વહાણ ઉદ્યોગ સાથે સંકળાયેલ હતા અને તેઓ રાજ્યસભાના સદસ્ય પણ હતા.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બંને યોગ્ય છે.
(D) 1 અને 2 બંને યોગ્ય નથી.

020. ભારતની ખેલાડી માના પટેલ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) તરણ (સ્વીમીંગ)
(B) દોડ
(C) ટેબલ ટેનિસ
(D) લૉન ટેનિસ

021. ''માનચતુર અને ધર્મલક્ષ્મી'' પાત્રોનું સર્જન કોણે કરેલ હતું ?

(A) રઘુવીર ચૌધરી
(B) ગોવર્ધનરામ ત્રિપાઠી
(C) ધૂમકેતુ
(D) જયંતિ દલાલ

022. ''લાગ્યો કસુંબીનો રંગ,
  રાજ મને લાગ્યો કસુંબીનો રંગ,
જનનીના હૈયામાં પોઢતા-પોઢતા,
  પીધો કસુંબીનો રંગ.''

આ મહાન કાવ્ય પંક્તિઓના લેખક કોણ છે ?

(A) નરસિંહ મહેતા
(B) પ્રેમાનંદ
(C) ઝવેરચંદ મેઘાણી
(D) ઉમાશંકર જોષી

023. ''મુખી ગરબડ દાસ'' કઈ બાબત સાથે સંકળાયેલ છે ?

(A) કૃષિ ક્ષેત્રમાં સંશોધન
(B) સ્વાતંત્ર સંગ્રામ
(C) શિક્ષણ ક્ષેત્ર
(D) ગુજરાતી કાવ્યો

024. ભારતના ઈતિહાસમાં હર્ષને દાનવીર રાજા તરીખે યાદ કરવામાં આવે છે, દર પાંચ વર્ષે પ્રયાગમાં .......... નું આયોજન થતું હતું અને ગરીબો, સંતોને ભંડાર ખલાસ ન થાય ત્યાં સુધી દાન આપવામાં આવતું હતું.

(A) મોક્ષ મહિમા
(B) મહા મોક્ષ પરિષદ
(C) ધર્મસભા
(D) તીર્થયાત્રા

025. નીચેના પૈકી કયુ રાજ્ય/શહેર B.C 600 પહેલા ખુબજ શક્તિશાળી હતું ?

(A) કંબોજ
(B) કાશી
(C) મગધ
(D) ગંધાર

026. પ્રમુખ પાદ નગરો (Presidency town)માં કયા વર્ષમાં વિશ્વ વિદ્યાલય (યુનિવર્સિટી)ની સ્થાપના કરવામાં આવેલ હતી ?
(A) 1888 (B) 1877 (C) 1867 (D) 1857

027. શ્રી વિનોદ કિનારીવાળા અને શ્રી ઉમાકાંત કડિયા કઈ ચળવળ વખતે શહીદ થયેલ હતા ?
(A) ‘‘હિંદ છોડો ચળવળ’’ (B) વ્યક્તિગત સત્યાગ્રહ
(C) સવિનય કાનૂન ભંગ (D) હોમરૂલ ચળવળ

028. રાજ્યમાં ગેરવ્યવસ્થા (Misgovernance) ના બહાના હેઠળ ડેલહાઉસી દ્વારા કયા રાજ્યને ખાલસા કરવામાં આવેલ હતું ?
(A) અવધ (B) સતારા (C) ઝાંસી (D) નાગપુર

029. નિવારક હત્યા (preventive murder) તરીખે મેનટેગ્યુ (mantague) દ્વારા કયા પ્રસંગને વર્ણવેલ છે ?
(A) કર્ઝન ઉપર ગોળીબાર (B) મહાત્મા ગાંધીજીની હત્યા
(C) INA ના કાર્યકર્તાઓની હત્યા (D) જલિયાંવાલા બાગનો હત્યાકાંડ

030. ગુજરાતના ‘‘અશોક’’ તરીખે કોણ પ્રખ્યાત છે ?
(A) સિધ્ધરાજ જયસિંહ (B) ભીમદેવ પહેલો
(C) અજયપાળ (D) કુમારપાળ

031. સર થોમસ રેલેના અધ્યક્ષ પદે જાન્યુઆરી 1902માં જે કમિશનની રચના કરવામાં આવેલી હતી તે કયા બાબતોની ભલામણ કરવા નિમવામાં આવેલ હતું ?
(A) શૈક્ષણિક સુધારા (B) નાણાકિય સુધારા
(C) ન્યાયતંત્રમા સુધારા (D) વહીવટી તંત્રમાં સુધારા

032. બરાકપુર હત્યાકાંડના બનાવ વખતે ગવર્નર જનરલ તરીખે કોણ હતું ?
(A) લોર્ડ મીન્ટો (B) લોર્ડ એમહસ્ટ
(C) લોર્ડ હેસ્ટિંગ્સ (D) લોર્ડ લેકન

033. સેબી કોના કામકાજ ઉપર નિયંત્રણ કરે છે ?
(A) મ્યુચુઅલ ફંડ (B) ક્રેડીટ રેટીંગ એજન્સીઓ
(C) વેન્ચર કેપિટલ ફંડ (D) ઉપરોક્ત બધી એજન્સીઓ / ફંડો

034. ‘‘સુગમ્ય ભારત અભિયાન’’ કોના માટે શરૂ કરવામાં આવેલ છે ?
(A) ગ્રામ્ય વિસ્તારના ગરીબો માટે
(B) સગીર વયની કન્યાઓ માટે
(C) અલગ રીતે સક્ષમ સમુદાય માટે (differently abled community)
(D) 25 થી 30 વર્ષના યુવાનો માટે

035. ફુગાવાના કારણે...

1. ભાવમાં સતત વધારો થાય છે.

2. ખરીદ શક્તિમાં વધારો થાય છે.

3. ઉત્પાદનના બધાજ સાધનોનો પૂર્ણ ઉપયોગ થયા પછી પણ ભાવ વધે છે.

ઉપરોક્ત પૈકી કયા વાક્યો યોગ્ય છે ?

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 (D) 1, 2 અને 3

036. વર્ષ 2021-22ના માનવ વિકાસ સૂચકાંક (HDI) મુજબ ભારત કયા સ્થાન ઉપર છે ?

(A) 130 (B) 131 (C) 132 (D) 133

037. "Sustainable Action for Transforming Human Capital - SATH" કાર્યક્રમ કોના દ્વારા શરૂ કરવામાં આવેલ છે ?

(A) સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (B) નીતિ આયોગ

(C) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ (D) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

038. દેશના ATM, ક્રેડીટ કાર્ડ વગેરેનું સંયોજન અને સંકલન કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયા (B) સેબી (પ્રતિભૂતિ અને વિનિમય બોર્ડ)

(C) નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (D) મુંબઈ સ્ટૉક એક્સચેંજ

039. નીચે આપેલ વાક્યો ચકાસો.

1. પસંદ કરેલ વિકલ્પ માટે જતો કરવો પડતો શ્રેષ્ઠ વિકલ્પ એ ‘‘વૈકલ્પિક ખર્ચ છે’’.

2. નિયોજક કોઈ વસ્તુનું ઉત્પાદન કરવામાં જે નાણાકીય ચૂકવણીઓ કરે છે તેને ‘‘નાણાકીય ખર્ચ’’ કહે છે.

(A) 1 અને 2 બંને યોગ્ય છે. (B) માત્ર 1 યોગ્ય છે.

(C) માત્ર 2 યોગ્ય છે. (D) 1 અને 2 બંને યોગ્ય નથી.

040. નીચેના વાક્યો ચકાસો.

1. જ્યારે અંદાજપત્રમાં અંદાજીત ખર્ચા કરતા અંદાજીત આવક વધારે હોય, તેવા અંદાજપત્રને ખાધવાળુ અંદાજપત્ર કહે છે.

2. જ્યારે અંદાજપત્રમાં અંદાજીત ખર્ચા કરતા અંદાજીત આવક ઓછી હોય ત્યારે તેને પુંરાતવાળુ અંદાજપત્ર કહે છે.

(A) 1 અને 2 બંને વાક્યો યોગ્ય છે. (B) માત્ર 1 વાક્ય યોગ્ય છે.

(C) માત્ર 2 વાક્ય યોગ્ય છે. (D) 1 અને 2 બંને વાક્યો યોગ્ય નથી.

041. રીઝર્વ બેંકનું નાણાકીય વર્ષ ‘‘જુલાઈથી જુન’’ સુધી હતુ. તે સમય ગાળો બદલીને કયા વર્ષથી ‘‘એપ્રિલથી માર્ચ’’ કરવામાં આવેલ છે ?

(A) 2021-2022 (B) 2020-2021

(C) 2019-2020 (D) 2018-2019

**042.** ભારતનો આર્થિક સર્વેક્ષણ દર વર્ષે કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે ?

(A) રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયા
(B) નીતિ આયોગ
(C) ભારતનું નાણા પંચ
(D) નાણા મંત્રાલય, ભારત સરકાર

**043.** પંચાયતોની નાણાકીય પરિસ્થિતિ સુધારવા નાણા પંચની રચના ભારતના સંવિધાનની કઈ કલમ હેઠળ કરવામાં આવે છે ?

(A) 243 ઝ
(B) 243 ટ
(C) 243 ઠ
(D) 243 ઢ

**044.** ભારતના સંવિધાનની કલમ 329માં કઈ બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) લોકસભાની અને વિધાનસભાઓની ચૂંટણીમાં પુખ્ત મતાધિકાર બાબત
(B) વિધાન મંડળોની ચૂંટણીઓ અંગેની જોગવાઈ કરવાની સંસદની સત્તા
(C) ચૂંટણી વિષયક બાબતમાં ન્યાયાલયની દરમ્યાનગીરી ઉપર પ્રતિબંધ
(D) સંઘની રાજ્યભાષા

**045.** નીચેના વાક્યો ચકાસો.

1. લોકસેવા આયોગમાં સભ્ય પોતાનો હોદ્દો સંભાળે ત્યારથી 6 વર્ષ સુધી ચાલુ રહી શકે છે.
2. સંઘ સેવા આયોગમાં પાંસઠ (65) વર્ષની ઉમર અથવા છ વર્ષની મર્યાદા હોદ્દો ધરાવવા નક્કી થયેલ છે.
3. રાજ્ય આયોગના કિસ્સામાં મહત્તમ વય મર્યાદા બાસઠ (62) વર્ષની છે.

(A) 1, 2 અને 3 બધાજ યોગ્ય છે.
(B) 1 અને 2 યોગ્ય છે.
(C) 2 અને 3 યોગ્ય છે.
(D) 1 અને 3 યોગ્ય છે.

**046.** ભારતના સંવિધાનમાં ‘‘રાજ્ય’’માં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

1. ભારત સરકાર અને સંસદ
2. દરેક રાજ્યની સરકાર અને વિધાન મંડળ
3. ભારતના રાજ્યક્ષેત્રના અથવા ભારત સરકારના નિયંત્રણ હેઠળના સ્થાનિક સત્તા મંડળો
4. ભારતના રાષ્ટ્રપતિ

(A) 1, 2, 3 અને 4
(B) 1, 2 અને 3
(C) 1, 2 અને 4
(D) 2, 3 અને 4

**047.** ગુજરાત રાજ્યમાંથી રાજ્ય સભાના કેટલા સભ્યશ્રીઓ ચૂંટવામાં આવે છે ?

(A) 10
(B) 11
(C) 12
(D) 13

**048.** ભારતના બંધારણના અનુચ્છેદ નં. 165 માં કઈ બાબતની જોગવાઈ કરવામાં આવેલી છે ?

(A) રાજ્યની કારોબારી સત્તા
(B) રાજ્યપાલની નિમણૂક
(C) રાજ્યપાલના હોદ્દાની શરતો
(D) રાજ્યના એડવોકેટની નિમણૂક

049. યોગ્ય જોડીઓ જોડો.

| ભારતના બંધારણ અનુચ્છેદ | વિગત |
|---|---|
| 1. 14 | a. કામદારો માટે નિર્વાહ વેતન |
| 2. 16 | b. કાયદા સમક્ષ સમાનતા |
| 3. 40 | c. જાહેર નોકરીમાં સમાન તક |
| 4. 43 | d. ગ્રામ પંચાયતોની રચના |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - d, 2 - a, 3 - b, 4 - c
(C) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(D) 1 - c, 2 - d, 3 - a, 4 - b

050. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતના સંવિધાનમાં 43મો અને 87મો સુધારો કરીને સંવિધાનમાં મૂળભૂત ફરજો દાખલ કરવામાં આવેલ છે.

2. ભારતના સંવિધાનની કલમ 52-ક માં મૂળભૂત ફરજોની ચર્ચા કરવામાં આવેલ છે.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બંને યોગ્ય નથી.
(D) 1 અને 2 બંને યોગ્ય છે.

051. દરેક વસ્તી ગણતરી પછી રાજ્યોને ફાળે આવતી લોકસભાની બેઠકોની ફેર ગોઠવણી કરવાની જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદમાં કરવામાં આવેલી છે ?

(A) 80
(B) 81
(C) 82
(D) 83

052. ભારતના સંવિધાનમાં ‘‘રાજ્યપાલ’’ અંગેની જોગવાઈઓ કયા ભાગ/પ્રકરણમાં કરવામાં આવેલી છે ?

(A) ભાગ-4 પ્રકરણ-6
(B) ભાગ-5 પ્રકરણ-4
(C) ભાગ-6 પ્રકરણ-2
(D) ભાગ-7 પ્રકરણ-1

053. નીતિ આયોગ દ્વારા 30 જાન્યુઆરી 2023 ના રોજ ‘‘Research in Agroecology’’ જ્ઞાન આદાન પ્રદાનનો કાર્યક્રમ કયા દેશના સહયોગમાં આયોજીત કરવામાં આવેલ હતો ?

(A) ઈઝરાયેલ
(B) સ્વીડન
(C) ડેનમાર્ક
(D) જર્મન

054. 26 નવેમ્બર 1949 ના રોજ ભારતનું સંવિધાન કોને અર્પિત કરવામાં આવેલ હતું ?

(A) ‘‘ભારતની પ્રજાને’’
(B) ‘‘લોક સભાને’’
(C) ‘‘રાજ્ય સભાને’’
(D) ‘‘અમને પોતાને’’

055. એક કારખાનાના 60 મજુરોનો સરેરાશ વેતન રૂા. 2000 છે. જો મેનેજરનો પગાર ગણવામાં આવે તો બધાનું સરેરાશ વેતન રૂા. 20,800 થાય છે. આ સંજોગોમાં મેનેજરનો પગાર કેટલો હશે ?

(A) 68,800
(B) 20,800
(C) 40,800
(D) 80,800

**056.** એક સંખ્યાના 8 ગણામાંથી પાંચ (5) બાદ કરતા જે પરિણામ મળે છે. તે સંખ્યાના પાંચ (5) ગણા કરતા 4 વધારે છે. તો તે સંખ્યા કઈ હશે ?

(A) 2
(B) 3
(C) 4
(D) 5

**057.** 3 પેન અને 4 પેન્સિલની કિમ્મત રૂા. 23 છે અને 2 પેન અને 3 પેન્સિલની કિમ્મત રૂા. 16 છે. તો 6 પેન અને 12 પેન્સિલની કિમ્મત કેટલી હશે ?

(A) રૂા. 45
(B) રૂા. 48
(C) રૂા. 54
(D) રૂા. 60

**058.** 20 લીટર મિશ્રણમાં દુધ અને પાણીનું પ્રમાણ 3 : 1 છે. જો નવુ પ્રમાણ 4 : 1 રાખવું હોય તો વધારાનું કેટલું દુધ ઉમેરવું પડશે ?

(A) 10 લીટર
(B) 8 લીટર
(C) 6 લીટર
(D) 5 લીટર

**059.** 24 મજૂરો દર રોજ 6 કલાક કામ કરીને 18 દિવસમાં કામ પૂર્ણ કરે છે. જો દર રોજ 4 કલાક કામ કરીને 12 દિવસમાં કામ પૂર્ણ કરવાં કેટલા મજૂરો જરૂરી છે ?

(A) 54
(B) 60
(C) 64
(D) 72

**060.** એક નળ ટાંકીને 30 મિનિટમાં બીજો નળ 20 મિનિટમાં અને ત્રીજો નળ 60 મિનિટમાં ટાંકી ભરી શકે છે. જો ત્રણેય નળ ચાલુ કરવામાં આવે તો ટાંકી કેટલા મિનિટમાં ભરાઈ જશે ?

(A) 5 મિનિટ
(B) 10 મિનિટ
(C) 15 મિનિટ
(D) 20 મિનિટ

**061.** એક વસ્તુ રૂા. 240 માં વેચતા 20% ખોટ જાય છે તો 20% નફો મેળવવા આ વસ્તુ કેટલામાં વેચવી જોઈએ ?

(A) રૂા. 300
(B) રૂા. 360
(C) રૂા. 420
(D) રૂા. 240

**062.** એક રકમનું 5% લેખે 3 વર્ષ અને 4 વર્ષના વ્યાજનો તફાવત રૂા. 420 થાય છે. આ સંજોગોમાં મુદ્દલ કેટલા રૂા. નું હશે ?

(A) રૂા. 8000
(B) રૂા. 8400
(C) રૂા. 9200
(D) રૂા. 9600

**063.** $\sqrt[3]{64} - \sqrt[4]{81}$ નું મુલ્ય કેટલું હશે ?

(A) 1
(B) 2
(C) 3
(D) 4

064. એક બોક્સમાં રૂા. 180 ના રૂા. 1, 50 પૈસા અને 25 પૈસાના 2 : 3 : 4 ના પ્રમાણમાં સીક્કાઓ છે. આ સંજોગોમાં 50 પૈસાના કેટલા સિક્કા હશે ?

(A) 80
(B) 100
(C) 120
(D) 160

065. 140 મીટર લંબાઈ વાળી 60 કિમી/કલાકની ઝડપથી જતી ટ્રેન સામેથી આવતી 48 કિમી/કલાકની ઝડપી ટ્રેન કે જે 160 મીટર લાંબી છે તેને કેટલા સમયમાં પસાર કરશે ?

(A) 6 સેકંડ
(B) 10 સેકંડ
(C) 16 સેકંડ
(D) 25 સેકંડ

066. 2, 6, 18, 54, ........, ખાલી જગ્યા પુરો.

(A) 108
(B) 148
(C) 162
(D) 216

067. ELFA, GLHA, ILJA, ........, MLNA ખાલી જગ્યા પુરો.

(A) OLPA
(B) KLMA
(C) LLMA
(D) KLLA

068. 10 મીટર લાંબા, 8 મીટર પહોળા ધાબામાં 6 સે.મી. વરસાદનું પાણી ભરાય છે. આ સંજોગોમાં ધાબામાં કેટલું પાણી ભરાયેલ હશે ?

(A) 4,800 લિટર
(B) 4,800 કિલો લિટર
(C) 4,800 મીટર
(D) 4,800 સે.મી.

069. પાંચ મીટર લંબાઈ વાળા ચોરસ કાપડમાંથી 25 સે.મી.ના કેટલા ચોરસ નેપકીન બનાવી શકાય ?

(A) 100
(B) 200
(C) 400
(D) 800

070. નીચેના પૈકી કયા રોગો, વિકૃતિઓ પ્રકૃતિમાં અનુવંશિક છે ? (diseases and disorders are genetic in nature)

1. ડાયેબીટીસ (Diabetes)
2. કલર બ્લાઈન્ડનેસ (Colour blindness)
3. એચ.આય.વી. (HIV)
4. લીવર અને હૃદયના રોગો (Liver and heart diseases)

(A) 1 અને 2
(B) 1, 2 અને 3
(C) 2 અને 3
(D) 1, 2, 3, 4

071. કેસલર સિન્ડ્રોમ (કેસલર સહલશણ) કઈ બાબત સાથે સંકળાયેલ છે ?

(A) બ્લેક હોલ (Black Holes)
(B) સ્પેસ જંક (Space Junk)
(C) મીટીયૉર શાવર (Meteor Shower)
(D) ગ્રેવીટેશનલ લેન્સીંગ (Gravitational lensing)

**072.** **CART-Cell** થેરપી કે જે હાલમાં ઘણી ચર્ચામાં છે તે કયા રોગ સામે રક્ષણ આપવા / રોગનું પ્રમાણ ઘટાડવા ઉપયોગમાં લેવામાં આવે છે ?

**(A)** કોવીડ-19 (**Covid-19**)
**(B)** હેપેટીટીસ-B (**Hepatitis-B**)
**(C)** ક્ષય (**Tuberculosis**)
**(D)** કેન્સર (**Cancer**)

**073.** નીચેના પૈકી કોનું ઉચ્ચતમ કેલરીફિક મુલ્ય રહેલ છે ? (**Highest calorific value**)

**(A)** કોલસો (**Coal**)
**(B)** પેટ્રોલ (**Petrol**)
**(C)** સી.એન.જી. (**CNG**)
**(D)** હાયડ્રોજન (**Hydrogen**)

**074.** ડેડ ઝોન (**Dead Zones**) અંગે નીચેના વાક્યો ચકાસો.

1. આ વિસ્તારના પાણીમાં પ્રાણવાયુ ખુબજ પ્રમાણમાં હોય છે.
2. માનવ પ્રવૃત્તિઓથી અતિષય પોષક પ્રદૂષણને કારણે આ બાબત ઉદ્ભવે છે.
3. ક્લાયમેટીક ફેરફારના કારણે આનો વિસ્તાર વધી શકે છે.

**(A)** 1 અને 2
**(B)** 2 અને 3
**(C)** 1 અને 3
**(D)** 1, 2 અને 3

**075.** ઉષ્ણકટિબંધીય ભેજવાળા જંગલો (**Tropical moist forest**) ભારતમાં કયા વિસ્તારમાં આવેલ છે ?

1. પશ્ચિમ ઘાટનો પશ્ચિમ ઢોળાવ
2. અંદામાન અને નિકોબાર ટાપુઓ
3. ભારતનો ઉત્તર પૂર્વીય પ્રદેશ

**(A)** 1 અને 2
**(B)** 2 અને 3
**(C)** 1 અને 3
**(D)** 1, 2 અને 3

**076.** ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો (**Tropical rain forest**) મુખ્યત્વે ભારતમાં ક્યાં વૃક્ષો જોવા મળે છે ?

1. સેમુલ (**Semul**)
2. ઈબોની (**Ebony**)
3. ભારતીય લોરેલ (**Indian Laurel**)
4. આમળા (**Amla**)

**(A)** 1, 2 અને 3
**(B)** 2 અને 3
**(C)** 2, 3 અને 4
**(D)** 1, 2, 3 અને 4

**077.** ડેસીબલ (**Decibel**) એ શાની ગણત્રી કરવાનું એકમ છે ?

**(A)** પ્રકાશની ગતિ માપવા
**(B)** રેડિયો વેવની ફ્રિક્વન્સી માપવા
**(C)** અવાજની તીવ્રતા માપવા
**(D)** ગરમીનું પ્રમાણ જોવા

078. સામાન્ય રીતે એક હોર્સ પાવર (Horse Power) એટલે...

(A) 746 વૉટ (Watts)
(B) 764 વૉટ (Watts)
(C) 674 વૉટ (Watts)
(D) 647 વૉટ (Watts)

079. મીસૉન્સ (Mesons) સામાન્ય રીતે શામા જોવા મળે છે ?

(A) લેઝર બીમ (Laser Beam)
(B) X-રેઝ (X-Rays)
(C) ગામા રેઝ (Gamma rays)
(D) કૉસ્મીક રેઝ (Cosmic rays)

080. ન્યુક્લિયર વિભાજન કોની અસરથી થાય છે ? (Nuclear fission is caused by the impact of)

(A) ન્યુટ્રોન (Neutron)
(B) પ્રોટોન (Proton)
(C) ડીટ્રોન (Deuteron)
(D) ઈલેક્ટ્રોન (Electron)

081. નીચેના પૈકી કોને સામાન્ય ભાષામાં પૉલેમીડ (Polyamide) કહેવામાં આવે છે?

(A) ટેરેલીન (Terylene)
(B) નાયલૉન (Nylon)
(C) રેયૉન (Rayon)
(D) ઓરલૉન (Orlon)

082. નીચેના પૈકી કયું પ્રોટીન (Protein) છે ?

(A) નેચરલ રબ્બર (Natural rubber)
(B) સ્ટૉર્ચ (Starch)
(C) સેલ્યુલસ (Cellulose)
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

083. નીચેના પૈકી કયા દેશ દ્વારા “ડિજીટલ વિચરતી વ્યૂહરચના” (Digital Nomad Strategy) ની શરૂઆત કરેલ છે ?

(A) પોલેન્ડ
(B) કેનેડા
(C) ઑસ્ટ્રીયા
(D) જાપાન

084. નીચેના પૈકી કયા દેશે તેના લોકોની પરંપરાગત ઉમર ગણવાની પધ્ધતી છોડી દીધેલ છે ?

(A) સાઉથ કોરીયા
(B) સ્પેન
(C) નોર્થ કોરીયા
(D) સ્વીટ્ઝરલેન્ડ

085. એશિયન કબડ્ડી ચેમ્પિયનશિપ 2023માં ફાયનલમાં પ્રવેશવા માટે ભારતે કયા દેશની ટીમને હરાવેલ હતી ?

(A) ઈરાક
(B) ઈન્ડોનેશીયા
(C) ઈઝરાયલ
(D) ઈરાન

086. ભારતમાં “તરંગ કવાયત”નું આયોજન કયા દળ (Force) દ્વારા કરવામાં આવેલ છે ?

(A) ગરૂડ કમાન્ડો ફોર્સ (Garud Commando Force)
(B) ઈન્ડીયન એયર ફોર્સ (Indian Air Force)
(C) ઈન્ડીયન નેવી (Indian Navy)
(D) ઈન્ડીયન કોસ્ટ ગાર્ડ (Indian Coast Guard)

087. વિશ્વમાં લઘુગ્રહ (Asteroid Day) ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) 28 જુન
(B) 29 જુન
(C) 30 જુન
(D) 1 ઑગષ્ટ

088. દિલ્હીની ''ઔરંગઝેબ લેન''નું નામ બદલીને તેને ભારતના કયા પૂર્વ રાષ્ટ્રપતિનું નામ આપવામાં આવેલ છે ?

(A) શ્રી કે.આર. નારાયણ
(B) ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામ
(C) જ્ઞાની ઝૈલ સીંઘ
(D) શ્રીમતી પ્રતિભા પાટીલ

089. ભારતના કયા આદરણીય ડૉક્ટરને રાષ્ટ્રીય ડૉક્ટર દિવસ સમર્પિત છે ?

(A) ડૉ. વિદ્યાનથન ક્રિષ્ણમૂર્તિ
(B) ડૉ. બિધન ચંદ્ર રૉય
(C) ડૉ. અમતા પ્રકાશ મમતાની
(D) ડૉ. રામ મનોહર લોહીયા

090. WEF ના એનર્જી ટ્રાન્ઝિશન ઈંડેક્સ (WEF Energy Transition Index)માં ભારત હાલમાં જાહેર થયેલ પરિણામોમાં કયા સ્થાન ઉપર છે ?

(A) 65માં સ્થાન પર છે.
(B) 66માં સ્થાન પર છે.
(C) 67માં સ્થાન પર છે.
(D) 68માં સ્થાન પર છે.

091. વૈશ્વિક સ્પર્ધાત્મકતા સૂચકાંક 2023 (Global Competitiveness Index 2023)માં ભારત કયા સ્થાન ઉપર હતુ ?

(A) 32મુ સ્થાન
(B) 36મુ સ્થાન
(C) 40મુ સ્થાન
(D) 43મુ સ્થાન

092. હૉકી ઈન્ડિયા દ્વારા જુનિયર મહિલા રાષ્ટ્રીય ટીમના મુખ્ય કોચ તરીખે કોની નિમણૂંક કરવામાં આવી છે ?

(A) લીયો પીન્ટો
(B) તુષાર ખાંડકર
(C) સરદાર સિંગ
(D) કિશન લાલ

093. હાલમાં ઉત્તર પ્રદેશમાંથી કેટલી વસ્તુઓને જ્યોગ્રાફીકલ ઈન્ડીકેશન (Geographical Indication) મળેલ છે ?

(A) સાત (Seven)
(B) આઠ (Eight)
(C) નવ (Nine)
(D) દસ (Ten)

094. ભારતને સ્પેશિયલ ઑલિમ્પિક 2023 (Special Olympics 2023) કેટલા મેડલ મળેલ છે ?

(A) 193
(B) 196
(C) 203
(D) 216

095. ધ હેમિસ ફેસ્ટિવલ (The Hemis Festival) કયા દેવતાની જન્મજયંતિના સન્માનમાં ઉજવવામાં આવે છે ?

(A) લોર્ડ પદ્મસમભવ (Lord Padmasambhava)
(B) લોર્ડ જગન્નાથ (Lord Jagannath)
(C) ગોડેસ તેરા (Goddess Tera)
(D) લોર્ડ શીવા (Lord Shiva)

096. યોનાઈટેડ નેશન્સ ઑફીસ ફૉર આઉટર સ્પેસ અફેર્સ (United Nations Office for Outer Space Affairs)ના ડાયરેક્ટર તરીખે કોની નિયુક્તિ કરવામાં આવેલી છે ?

(A) આરતી હોલા-મૈની (Aarti Holla-Maini)
(B) કેથરીન કેલવીન (Katherine Calvin)
(C) જીમગ્રીન
(D) કાર્લ સગન (Carl Sagan)

097. વિક્ટર 6000 (Victor 6000) જેણે ટાયટન સબમર્સિબલનો બચાવ કામગીરીમાં ભાગ લીધો હતો તે કયા દેશમાં વિકસાવવામાં આવેલ હતો ?

(A) રશીયા
(B) ચીન
(C) ગ્રીસ
(D) ફ્રાન્સ

098. વિશ્વના સૌથી મોટા શહેરી સ્વચ્છતા સર્વેક્ષણ-2023ની કયા સંસ્કરણ (edition)ની શરૂઆત થયેલ છે ?

(A) 8મા
(B) 9મા
(C) 10મા
(D) 11મા

099. પોતાના ઘરેલુ દેવાનુ (Domestic Debt)નું પુનર્ગઠન કરવા કયા દેશે તેની બેંકો, નાણાકીય ક્ષેત્રને પાંચ દિવસ સુધી બંધ રાખેલ છે ?

(A) પાકિસ્તાન
(B) શ્રીલંકા
(C) ગ્રીસ
(D) બાંગ્લાદેશ

100. એયરપોર્ટ મુસાફરો માટે “BRL પલ્સ એપ” (BRL Pulse App) કયા એયરપોર્ટ દ્વારા શરૂ કરેલ છે ?

(A) મુંબઈ એયરપોર્ટ
(B) ચેન્નાઈ એયરપોર્ટ
(C) બેંગલુરૂ ઈન્ટરનેશનલ એયરપોર્ટ
(D) ચંદીગઢ એયરપોર્ટ

101. .........નો સમાવેશ દહેજ નિષેધ અધિનિયમ, 1961 અન્વયે ‘દહેજ’ની વ્યાખ્યામાં થતો નથી ?

(A) લગ્ન પહેલા લગ્ન માટે અવેજની પ્રત્યક્ષ કબુલાત
(B) લગ્ન દરમ્યાન લગ્ન માટે અવેજની પરોક્ષ્ કબુલાત
(C) ઘરેલું ખર્ચ માટે માંગેલ રૂપિયા
(D) ઉપરોક્ત પૈકી તમામ

102. દહેજ નિષેધ અધિનિયમ, 1961 ના આરંભ પછી જો કોઈ વ્યક્તિ દહેજ આપે અથવા લે અથવા દહેજ આપવાનું કે લેવાનું દુષ્પ્રેરણ આપે તો સામાન્ય રીતે, જો વિશિષ્ઠ કારણો ન હોય તો તેને નીચેના પૈકી કઈ સજા થઈ શકે ?

(A) મહત્તમ પાંચ વર્ષ સુધીની કેદની સજા કે રૂ. 15000 સુધીનો દંડ કે બંને
(B) પાંચ વર્ષ થી ઓછી નહિ તેવી કેદની સજા કે રૂ. 15000 સુધીનો દંડ કે દહેજની રકમ જેટલો દંડ, બે પૈકી જે વધુ હોય તેટલો દંડ
(C) પાંચ વર્ષ થી વધુ નહિ તેવી કેદની સજા કે રૂ. 15000 સુધીનો દંડ કે દહેજની રકમ જેટલો દંડ, બે પૈકી જે વધુ હોય તેટલો દંડ
(D) પાંચ વર્ષ થી ઓછી નહિ તેવી કેદની સજા કે રૂ. 15000 સુધીનો દંડ કે દહેજની રકમ જેટલો દંડ, બે પૈકી જે ઓછી હોય તેટલો દંડ

103. દહેજ નિષેધ અધિનિયમ, 1961 મુજબ જે સ્ત્રીના લગ્ન અંગે તે સ્ત્રી સિવાયની કોઈ વ્યક્તિને કોઈ દહેજ લગ્ન વખતે મળ્યો હોય ત્યારે તેને તે દહેજ લગ્નની પક્ષકાર સ્ત્રીને કેટલા સમયમાં પરત આપી દેવો પડશે ?

(A) લગ્ન વિધિ સંપન્ન થયેથી તરત જ
(B) લગ્નની તારીખથી ત્રણ માસમાં
(C) દહેજ મળ્યાની તારીખથી એક માસમાં
(D) દહેજ મળ્યાની તારીખથી ત્રણ માસમાં

104. દહેજ નિષેધ અધિનિયમ, 1961 મુજબ સગીર સ્ત્રીનો દહેજ તેની સગીરાવસ્થા દરમિયાન કોઈ તેણી સિવાયની વ્યક્તિને મળ્યો હોય ત્યારે તે સ્ત્રીને ક્યારે પરત આપી દેવો પડશે ?

(A) તે સ્ત્રી 18 વર્ષની થાય ત્યારથી 3 માસ સુધીમાં
(B) તે સ્ત્રી 18 વર્ષની થાય ત્યારથી 6 માસ સુધીમાં
(C) તે સ્ત્રીના માતા-પિતા/વાલીને લગ્ન પછી તરત જ આપવાનો રહેશે જે સ્ત્રી 18 વર્ષની થાય પછી કે માસમાં જ પરત આપવાનો રહેશે.
(D) સગીરને દહેજ આપવું તે ફોજદારી ગુનો બનતો હોઈ કાયદામાં આ અંગેની જોગવાઈ જ નથી

105. દહેજ નિષેધ અધિનિયમ, 1961 અન્વયેના કોઈ પણ દહેજ સંબંધી ગુનાઓ માટે .......... .

(A) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973ના પ્રકરણ 36ની જોગવાઈઓ મુજબ સમય મર્યાદા લાગુ પડશે.
(B) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973ના પ્રકરણ 36ની સમય મર્યાદા સબંધી કોઈ પણ જોગવાઈઓ લાગુ પડશે નહી.
(C) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973ના પ્રકરણ 36ની સમય મર્યાદા સબંધી કોઈ પણ જોગવાઈઓ સંબંધિત અદાલતની મુનસફી મુજબ લાગુ પડશે
(D) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973ના પ્રકરણ 36ની સમય મર્યાદા સબંધી કોઈ પણ જોગવાઈઓ હાઈકોર્ટના વખતોવખતના પરિપત્ર અનુસાર લાગુ પડશે.

106. દહેજ નિષેધ અધિનિયમ, 1961 અન્વયેના કોઈ પણ દહેજ સંબંધી ગુનાઓ માટે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) આ કાયદા અન્વયે થયેલ કોઈ પણ ગુનાનું સમાધાન થઈ શકે છે.
(B) આ કાયદા અન્વયે થયેલ કોઈ પણ ગુનાનું સમાધાન જો અદાલત સમંતિ આપે તો જ થઈ શકે છે.
(C) આ કાયદા અન્વયે થયેલ કોઈ પણ ગુનાનું સમાધાન અદાલત અને ફરિયાદીની સમંતિ હોય તો જ થઈ શકે છે.
(D) આ કાયદા અન્વયે થયેલ કોઈ પણ ગુનાનું સમાધાન થઈ શકતું નથી.

107. દહેજ નિષેધ અધિનિયમ, 1961 હેઠળ જયારે કોઈ વ્યક્તિ સામે દહેજ લેવા કે તે અંગે મદદગારી કરવાઅંગેની ફરિયાદ કરવામાં આવી હોય ત્યારે આરોપીએ આ કલમ હેઠળ ગુનો કરેલ છે કે નહિ તે પુરવાર કરવાની જવાબદારી કોની રહેશે ?

(A) આરોપીની
(B) ફરીયાદીની
(C) સરકારી વકીલની
(D) જે તે અદાલતની

108. દહેજ નિષેધ અધિનિયમ, 1961 હેઠળ સલાહકાર બોર્ડમાંના સમાજ કલ્યાણ અધિકારીઓ પૈકી ઓછામાં ઓછા કેટલી સ્ત્રીઓ રાખવી ફરિજયાત રહેશે ?

(A) 1
(B) 2
(C) 3
(D) 4

**109.** દહેજ નિષેધ અધિનિયમ, 1961 હેઠળ રાજ્ય સરકાર દ્વારા નીમવામાં આવેલ સલાહકાર બોર્ડમાં મહત્તમ કેટલા સમાજકલ્યાણ કાર્યકરો (Social Welfare Workers) ની નિમણૂક કરી શકશે ?

(A) બે (B) ત્રણ (C) પાંચ (D) સાત

**110.** દહેજ નિષેધ અધિનિયમ, 1961 હેઠળ જે વ્યક્તિઓએ ગુનો કરેલ હોય તેની સામે તે સબંધી ફોજદારી કાર્યવાહી કરવા માટે પુરાવાઓ એકત્ર કરવાનું કાર્ય નીચેના પૈકી કોનું છે ?

(A) સલાહકાર બોર્ડનું (B) સમાજ કલ્યાણ અધિકારીનું

(C) દહેજ નિષેધ અધિકારીનું (D) સરકારી વકીલનું

**111.** ગુજરાત દહેજ નિષેધ નિયમો, 2003 અન્વયે મુખ્ય દહેજ અટકાયત અધિકારી (Chief Dowry Prohibition Officer) એટલે .........., જેને આ કાયદા અન્વયે ફરજો અને જવાબદારીઓ સોંપવામાં આવેલ છે.

(A) સમાજ સુરક્ષાના ડીરેક્ટર (B) સમાજ કલ્યાણ ખાતાના ડીરેક્ટર

(C) સલાહકાર બોર્ડના ડીરેક્ટર (D) જીલ્લા મેજીસ્ટ્રેટ

**112.** ગુજરાત દહેજ નિષેધ નિયમો, 2003 અન્વયે કરવામાં આવેલ દરેક અરજી અંગે તપાસ અને તેની સુનાવણી કર્યા બાદ તેનો નિર્ણય અરજી મળ્યેથી કેટલા સમયમાં કરવાનો રહેશે ?

(A) છ માસમાં (B) ત્રણ માસમાં

(C) બે માસમાં (D) એક માસમાં

**113.** ગુજરાત દહેજ નિષેધ નિયમો, 2003ની જોગવાઈઓ મુજબ મુખ્ય દહેજ નિષેધ અધિકારી રાજ્ય સરકારના તમામ વિભાગોમાં સુચના આપી જણાવશે કે દરેક સરકારી કર્મચારીએ પોતાના લગ્ન બાદ જાહેરનામું આપી જણાવવું પડશે કે તેણે કોઈ પણ પ્રકારનું દહેજ લીધેલ નથી. આ જાહેરનામામાં નીચેના પૈકી કોની-કોની સહી ફરજિયાત રહેશે ?

(A) સરકારી કર્મચારીની પોતાની (B) સરકારી કર્મચારીની તથા તેની પત્નીની

(C) સરકારી કર્મચારીની પત્ની તથા સસરાની (D) સરકારી કર્મચારીના પિતા, પત્ની અને સસરાની

**114.** ગુજરાત દહેજ નિષેધ નિયમો, 2003 અન્વયે દહેજ નિષેધ અધિકારી તેને મળેલ ફરિયાદના સંદર્ભમાં પક્ષકારોને અને સાક્ષીઓને નીચેના પૈકી કયા ફોર્મમાં સુનાવણીની તારીખ, સમય અને સ્થળ અંગેની જાણ કરશે કે નોટીસ બજાવશે ?

(A) ફોર્મ II (B) ફોર્મ IV (C) ફોર્મ III (D) ફોર્મ VII

**115.** ગુજરાત દહેજ નિષેધ નિયમો, 2003 મુજબ જો કોઈ સ્ત્રીની દહેજની રકમ તેણી સિવાય અન્ય વ્યક્તિએ લીધેલ હોય અને દહેજ નિષેધ અધિનિયમની કલમ 6 હેઠળ આ દહેજની રકમ મેળવવા હકદાર સ્ત્રીને તબદીલ કરવામાં આવેલ નથી તેવી ફરિયાદ મળે તો કોણ આ દહેજની રકમને નિયત સમયમાં હકદાર સ્ત્રીને તબદીલ કરવા અંગેનો આદેશ કરી શકશે ?

(A) જે તે વિસ્તારના પોલીસ ઈન્સ્પેકટર (B) સમાજ કલ્યાણ ખાતાના ડીરેક્ટર

(C) દહેજ નિષેધ અધિકારી (D) જીલ્લા મેજીસ્ટ્રેટ

**116.** ગુજરાત દહેજ નિષેધ નિયમો, 2003 અન્વયે કલ્યાણ સંસ્થાઓ કે સંગઠનોએ માન્યતાનું પ્રમાણપત્ર લેવા માટે રાજ્ય સરકારને નીચેના પૈકી ક્યા ફોર્મમાં અરજી કરવાની રહેશે ?

(A) ફોર્મ નં. IV (B) ફોર્મ નં. V (C) ફોર્મ નં. III (D) ફોર્મ નં. VI

117. ગુજરાત દહેજ નિષેધ નિયમો, 2003 અન્વયે કલ્યાણ સંસ્થાઓ કે સંગઠનોની અસંતોષકારક કામગીરીનો અહેવાલ હોય તો આવી કલ્યાણ સંસ્થાઓ કે સંગઠનોને મળેલ માન્યતા કોણ પરત ખેંચી શકે ?

(A) મુખ્ય દહેજ નિષેધ અધિકારી
(B) રાજ્ય સરકાર
(C) જીલ્લા મેજીસ્ટ્રેટ
(D) સમાજ સુરક્ષાના ડીરેક્ટર

118. દહેજ નિષેધ અધિનિયમ, 1961ની કલમ 6 મુજબ મિલકત મેળવવા માટે હકદાર સ્ત્રી જો લગ્નના સાત વર્ષમાં કુદરતી સિવાયના કારણથી નિસંતાન મૃત્યુ પામે તો તેણીની મળવાપાત્ર મિલકત કોને તબદીલ થશે ?

(A) હકદાર સ્ત્રીના માતા-પિતાને
(B) હકદાર સ્ત્રીના નોમીનીને
(C) હકદાર સ્ત્રીના પતિને
(D) હકદાર સ્ત્રીના પિયર પક્ષના પ્રથમ હરોળના સગાઓને સમાન હિસ્સે

119. ગુજરાત દહેજ નિષેધ નિયમો, 2003 હેઠળ દહેજ નિષેધ અધિકારી તેણે મળેલ ફરિયાદ અને તે અંગે લેવાયેલ પગલા કે કે પ્રશ્નના સમાધાન અંગેનો અહેવાલ ફોર્મ નં. II માં ભરી .......... ને દર ચાર માસે સુપ્રત કરશે.

(A) જીલ્લા મેજીસ્ટ્રેટ
(B) મુખ્ય દહેજ નિષેધ અધિકારી
(C) જે-તે વિસ્તારના પોલીસ ઈન્સ્પેકટર
(D) સમાજ સુરક્ષા અધિકારીને

120. ગુજરાત દહેજ નિષેધ નિયમો, 2003 અન્વયે નીચેના પૈકી કોણ સલાહકાર બોર્ડના મેમ્બર સેક્રેટરી/કન્વીનર તરીકે કાર્ય કરશે ?

(A) સમાજ કલ્યાણ અધિકારી
(B) સલાહકાર બોર્ડના ડીરેક્ટર
(C) દહેજ નિષેધ અધિકારી
(D) જીલ્લા મેજીસ્ટ્રેટ

121. ગુજરાત દહેજ નિષેધ નિયમો, 2003 અન્વયે નીચેના પૈકી કોણ ફરિયાદ કરવા સક્ષમ નથી?

(A) અસરગ્રસ્ત વ્યક્તિ
(B) અસરગ્રસ્ત વ્યક્તિના માતા-પિતા કે સગાઓ
(C) માન્ય કલ્યાણ સંસ્થા કે સંગઠન
(D) દહેજ નિષેધ અધિકારી

122. ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 અન્વયે નીચેનામાંથી કોણ જીવનસાથી (Spouse) ની વ્યાખ્યામાં આવતા નથી ?

(A) જે વ્યક્તિ વિરુદ્ધ જાતિ (sex) ની અન્ય વ્યક્તિ સાથે પતિ-પત્નીની જેમ જ રહેતી હોય.
(B) જે વ્યક્તિ તે જ જાતિ (sex) ની અન્ય વ્યક્તિ સાથે રહેતી હોય.
(C) જે વ્યક્તિ વિરુદ્ધ જાતિ (sex) ની અન્ય વ્યક્તિ સાથે રહેતી હોય કે નહિ પરંતુ અન્ય વ્યક્તિ દ્વારા થયેલ સંતાન હોય
(D) જે વ્યક્તિ વિરુદ્ધ જાતિ (sex) ની અન્ય વ્યક્તિ સાથે પતિ-પત્નીની જેમ રહી ચૂકેલ હોય

123. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 હેઠળ ઘરેલું હિંસાનું કૃત્ય થયેલ છે કે આચરવામાં આવેલ છે કે ભવિષ્યમાં થવાની સંભાવના છે તેમ માનવાના પૂરતા કારણો હોઈ જો કોઈ વ્યક્તિએ જે તે પ્રોબેશન અધિકારીને આવી બાબતે શુધ્ધબુદ્ધિપૂર્વક માહિતી આપેલ હોય તો તેની ............

(A) દીવાની જવાબદારી થશે પરંતુ ફોજદારી જવાબદારી થશે નહીં.

(B) દીવાની જવાબદારી થશે નહિ, પરંતુ ફોજદારી જવાબદારી થશે.

(C) દીવાની અને ફોજદારી બંને પ્રકારની જવાબદારી થશે.

(D) દીવાની કે ફોજદારી, બંને પૈકી કોઈ પણ પ્રકારની જવાબદારી થશે નહીં.

124. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 માં કયા વર્ષમાં થયેલ સુધારામાં ‘‘ઘરેલું હિંસા’’ની વ્યાખ્યા બદલી વિસ્તૃત કરવામાં આવી છે ?

(A) વર્ષ 2008 માં (B) વર્ષ 2016 માં (C) વર્ષ 2011 માં (D) વર્ષ 2018 માં

125. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 અન્વયે તબીબી સહાય પૂરી પાડનાર વ્યક્તિને નીચેના પૈકી કોણ અસરગ્રસ્ત વ્યક્તિ તરફથી તેને તબીબી સહાય પૂરી પાડવા માટે વિનંતી કરી શકે ?

(A) રાજ્ય સરકાર (B) મેજીસ્ટ્રેટ

(C) સુરક્ષા અધિકારી (D) પોલીસ ઈન્સ્પેકટર

126. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 ની જોગવાઈઓ અનુસાર સુરક્ષા અધિકારીઓ તરીકે શક્ય હોય ત્યાં સુધી કોની નિમણુંક કરવામાં આવશે ?

(A) સ્ત્રીઓની

(B) સ્ત્રીઓના કલ્યાણ માટે કામ કરતા સ્થાનિક સમાજ સેવકોની

(C) જે તે વિસ્તારના પોલીસ સબ-ઈન્સ્પેકટરની

(D) સ્થાનિક કોર્પોરેટર કે સરપંચની

127. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 અન્વયે પ્રતિવાદી દ્વારા સુરક્ષા આદેશ કે વચગાળાના સુરક્ષાના આદેશના ભંગ અંગે આરોપીને સજાનો હુકમ કરવા અંગે મેજીસ્ટ્રેટની સત્તાના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સત્ય છે ?

(A) મેજીસ્ટ્રેટ પીડિતા તથા આરોપી, બંનેને સાંભળ્યા વગર સજા અંગેનો નિર્ણય કરી શકશે નહિ.

(B) મેજીસ્ટ્રેટ સજા અંગેનો નિર્ણય કરતી વખતે માત્ર પીડિતાને જ સાંભળશે.

(C) મેજીસ્ટ્રેટ પીડિતા, પાડોશીઓ તથા આરોપી, તમામને સાંભળ્યા વગર સજા અંગેનો નિર્ણય કરી શકશે નહિ.

(D) મેજીસ્ટ્રેટ સજા અંગેનો નિર્ણય માત્ર પીડિતાની જુબાનીને આધારે કરી શકે છે.

128. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 અન્વયે થયેલ સુરક્ષા અંગેનો હુકમ ક્યાં સુધી અમલી રહેશે ?

(A) અસરગ્રસ્ત વ્યક્તિ (પીડિતા) સુરક્ષા અંગેનો હુકમનો અમલ મોકૂફ રાખવા અરજી ન કરે ત્યાં સુધી.

(B) મેજીસ્ટ્રેટ દ્વારા થયેલ હુકમની તારીખ થી ત્રણ માસ સુધી.

(C) મેજીસ્ટ્રેટ દ્વારા થયેલ હુકમની તારીખ થી છ માસ સુધી.

(D) પ્રતિવાદીએ સુરક્ષા અંગેનો હુકમનો અમલ મોકૂફ રાખવા અંગે કરેલ અરજીમાં મેજીસ્ટ્રેટ હુકમ ન કરે ત્યાં સુધી.

129. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 અન્વયે અસરગ્રસ્ત વ્યક્તિ કે સુરક્ષા અધિકારી કે અન્ય દ્વારા મેજીસ્ટ્રેટ સમક્ષ કરવામાં આવેલ અરજીમાં સહાયના આદેશો મેળવવા માટે મેજીસ્ટ્રેટ અદાલતને આવી અરજી મળ્યેથી ''પ્રથમ સુનાવણીની તારીખ'' સામાન્ય રીતે કેટલા દિવસમાં આપશે ?

(A) 3 દિવસ
(B) 1 દિવસ
(C) 2 દિવસ
(D) 5 દિવસ

130. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 અન્વયે કરવામાં આવેલ અદાલતી કાર્યવાહીમાં થયેલ કોઈ પણ હુકમના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સત્ય નથી ?

(A) અદાલત કોઈ પણ હુકમની નકલ કેસના તમામ પક્ષકારોને વિના મુલ્યે આપશે.

(B) અદાલત કોઈ પણ હુકમની નકલ માત્ર પીડિતાને જ વિના મુલ્યે આપશે અન્ય તમામ પક્ષકારોને નક્કી થયેલ રકમ ભર્યેથી હુકમની નકલ મળી શકશે.

(C) અદાલત કોઈ પણ હુકમની નકલ જે-તે વિસ્તારની સ્થાનિક હકૂમત હોય તે મેજીસ્ટ્રેટના પોલીસ સ્ટેશનના ઓફિસર ઈનચાર્જને વિના મુલ્યે આપશે.

(D) અદાલત કોઈ પણ હુકમની નકલ જે સેવા પૂરી પાડનાર દ્વારા ઘરેલું (હિંસા) તકરાર અંગેના બનાવ બાબતે રીપોર્ટ નોંધાવેલ હોય તે વ્યક્તિને વિના મુલ્યે આપશે.

131. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005ની અન્વયે સહાયના આદેશો મેળવવા કલમ 12 હેઠળ મેજીસ્ટ્રેટ સમક્ષ કરવામાં આવેલ અરજીની સુનાવણીની તારીખ અંગેની નોટીસની સામાવાળાને બજવણી નીચેના પૈકી કોણ કરશે ?

(A) કોર્ટ અધિકારી
(B) સુરક્ષા અધિકારી
(C) સ્થાનિક હકુમતના પોલિસ સ્ટેશનના અધિકારી
(D) સમાધાન અધિકારી

132. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 અન્વયે સુરક્ષા અધિકારી સામે કોઈ પણ ફોજદારી કાર્યવાહી કરતા પહેલા નીચેના પૈકી કોની સમક્ષ ફરિયાદ કરી તેની પૂર્વમંજૂરી લેવી અનિવાર્ય છે ?

(A) હાઈકોર્ટ

(B) જે તે જીલ્લાના જીલ્લા ન્યાયાધિશ (District Judge)

(C) રાજ્ય સરકાર કે તેના દ્વારા નિયુક્ત અધિકારી

(D) જે મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યવાહીની સુનાવણી થવાની હોય તેની

133. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 અન્વયે પીડિતા કે પ્રતિવાદીને મેજીસ્ટ્રેટ દ્વારા આદેશ મળ્યાની તારીખથી સેસન્સ કોર્ટ સમક્ષ કેટલા દિવસમાં કઈ કાનૂની કાર્યવાહી કરી શકશે ?

(A) 30 દિવસમાં, અરજી
(B) 30 દિવસમાં, અપીલ
(C) 60 દિવસમાં, રીવીઝન
(D) 45 દિવસમાં, રીવ્યુ અરજી

134. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 અન્વયે પ્રતિવાદી દ્વારા સુરક્ષા આદેશ કે વચગાળાના સુરક્ષાના આદેશના ભંગને ગુનો ગણી તે બદલ પ્રતિવાદીને નીચે પૈકી કઈ સજા થઈ શકશે ?

(A) 2 માસ સુધીની કેદ અથવા રૂ. 5000 દંડ અથવા બંને.

(B) 6 માસ સુધીની કેદ અથવા રૂ. 10,000 દંડ અથવા બંને.

(C) 1 વર્ષ સુધીની કેદ અથવા રૂ. 20,000 દંડ અથવા બંને.

(D) 2 વર્ષ સુધીની કેદ અથવા રૂ. 25,000 દંડ અથવા બંને.

135. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 અન્વયે જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કે મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ દ્વારા થયેલ કોઈ પણ હુકમ ક્યાં અમલી બની શકશે ?

(A) સમગ્ર ભારતમાં

(B) જ્યાં તકરારનું કારણ બનેલ ત્યાં (cause of action)

(C) જ્યાં પ્રતિવાદી રહેતો હોય, નોકરી-ધંધો કરતો હોય ત્યાં

(D) જ્યાં અસરગ્રસ્ત વ્યક્તિ (પીડિતા) રહેતી હોય ત્યાં

136. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 અન્વયે આપવામાં આવેલ સુરક્ષા અંગેના કે વચગાળાની સુરક્ષા અંગેના હુકમોના ભંગ બદલ થતા તમામ ગુનાઓ નીચેના પૈકી કેવા પ્રકારના ગણાશે ?

(A) નોન કોગ્નિઝેબલ અને બિન-જામીનપાત્ર

(B) કોગ્નિઝેબલ અને બિન-જામીનપાત્ર

(C) નોન કોગ્નિઝેબલ અને જામીનપાત્ર

(D) જામીનપાત્ર

137. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005ની કલમ 8 અન્વયેની કોઈ પણ કાર્યવાહી કયા સંજોગોમાં બંધ બારણે (ઈન કેમેરા) થઈ શકે ?

(A) માત્ર મેજીસ્ટ્રેટને બંધ બારણે કાર્યવાહી કરવી યોગ્ય લાગે તો જ

(B) જો ફરિયાદી લેખિત અરજી દ્વારા મેજીસ્ટ્રેટને કાર્યવાહી બંધ બારણે કરવાની ઈચ્છા વ્યક્ત કરે તો જ

(C) કેસના બંને પક્ષકારો કાર્યવાહી બંધ બારણે કરવાની ઈચ્છા વ્યક્ત કરતી સંયુક્ત લેખિત અરજી મેજીસ્ટ્રેટને આપે તો જ

(D) જો મેજીસ્ટ્રેટને કેસના સંજોગો જોતા કાર્યવાહી બંધ બારણે કરવી ઉચિત જણાય અને જો બંને પક્ષકારો પૈકી કોઈ પણ મેજીસ્ટ્રેટને આ અંગેની ઈચ્છા વ્યક્ત કરે તો જ

138. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ નિયમો, 2006 અન્વયે નિયુક્તિ પામનાર સુરક્ષા અધિકારીની નિયુક્તિ ન્યુનત્તમ કેટલા વર્ષ માટે થશે ?

(A) 3 વર્ષ

(B) 5 વર્ષ

(C) 1 વર્ષ

(D) 2 વર્ષ

139. ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ નિયમો, 2006 ની જોગવાઈ મુજબ એકતરફી હુકમ ચઘરેલુ હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005ની કલમ 23(2) અંતર્ગતૃ મેળવવા માટે કરવામાં આવતું દરેક સોગંદનામું ..........માં ભરવાનું રહેશે.

(A) ફોર્મ (I)

(B) ફોર્મ (III)

(C) ફોર્મ (V)

(D) ફોર્મ (VI)

**140.** ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ નિયમો, 2006 મુજબ સુરક્ષા અધિકારી પોતાની ફરજના ભાગરૂપે અસરગ્રસ્ત વ્યક્તિ (પીડિતા) સાથે મસલત કરી જે-તે પરિસ્થિતિમાં રહેલ જોખમોની ચકાસણી કરી પીડિતાએ કલમ 12 હેઠળ કરેલ અરજીના સંદર્ભમાં વધારે ઘરેલુ હિંસા થતી અટકાવવા માટે, .......... માં "સુરક્ષા યોજના" તૈયાર કરશે.

(A) ફોર્મ III (ફોર્મ 3)
(B) ફોર્મ V (ફોર્મ 5)
(C) ફોર્મ IV (ફોર્મ 4)
(D) ફોર્મ VII (ફોર્મ 7)

**141.** ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ નિયમો, 2006 અન્વયે કોઈપણ નોંધાયેલ સ્વૈચ્છિક સંગઠન કે કંપની, કાનૂની રીતે સ્ત્રીઓના અધિકારો અને હિતોના સંરક્ષણ કરવાના આશયથી, આ નિયમ મુજબ "સેવા આપનારા" તરીકેની નોંધણી માટે નીચે જણાવેલ પૈકી કયા ફોર્મમાં રાજય સરકારને અરજી કરશે ?

(A) ફોર્મ IV (ફોર્મ 4)
(B) ફોર્મ V (ફોર્મ 5)
(C) ફોર્મ VI (ફોર્મ 6)
(D) ફોર્મ VII (ફોર્મ 7)

**142.** ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ નિયમો, 2006 ના નિયમ 6(1) મુજબ અસરગ્રસ્ત વ્યક્તિ (પીડિતા) ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005ની કલમ 12 હેઠળ મેજીસ્ટ્રેટ સમક્ષ અરજી ક્યા ફોર્મ પ્રમાણે કરી શકે ?

(A) ફોર્મ નં. II (ફોર્મ 2)
(B) ફોર્મ નં. IV (ફોર્મ 4)
(C) ફોર્મ નં. V (ફોર્મ 5)
(D) ફોર્મ નં. VII (ફોર્મ 7)

**143.** ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ નિયમો, 2006 અન્વયે પરામર્શકર્તા (કાઉન્સિલર્સ) ની નિયુક્તિ .......... દ્વારા સુપ્રત કરવામાં આવેલ યાદીમાંથી થશે.

(A) મેજીસ્ટ્રેટ
(B) રાજ્ય સરકાર
(C) સુરક્ષા અધિકારી
(D) પોલીસ ઈન્સ્પેક્ટરથી નીચેનો હોદ્દો ન હોય તેવા જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનના અધિકારી

**144.** બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 અન્વયે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) આ કાયદાના અમલ પૂર્વેના કે અમલ બાદ થયેલ તમામ બાળ લગ્નો રદબાતલ ગણાશે.
(B) આ કાયદાના અમલ પૂર્વેના કે અમલ બાદ થયેલ તમામ બાળ લગ્નો લગ્ન સમયે લગ્નના જે પક્ષકાર સગીર હોય તેણે પસંદ કરેલ વિકલ્પ મુજબ રદ્દ થવાને પાત્ર બનશે.
(C) આ કાયદાના અમલ અમલ બાદ જ થયેલ તમામ બાળ લગ્નો રદબાતલ ગણાશે
(D) આ કાયદાના અમલ પૂર્વેના કે અમલ બાદ થયેલ તમામ બાળ લગ્નો સક્ષમ અદાલતે રદબાતલ ઠરાવેલ હોય તો જ રદ્દ થવાને પાત્ર બનશે.

**145.** બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 હેઠળ કે દ્વારા અક્ષય તૃત્રીયા જેવા ચોક્કસ દિવસો દરમ્યાન સામુહિક બાળલગ્ન થતા અટકાવવા માટે નીચેના પૈકી કોને બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી તરીકેની તમામ સત્તાઓ આપવામાં આવેલ છે ?

(A) તમામ પોલીસ મથકોના પોલીસ ઈન્સ્પેક્ટર્સને
(B) જીલ્લા કલેકટરને
(C) જીલ્લા ન્યાયાધિશને
(D) ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ કે મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટને

146. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 ની જોગવાઈઓ અનુસાર જો બાળ-લગ્ન થવાની શક્યતા અંગે આધારભૂત અહેવાલ કે માહિતી હોય તો નીચેના પૈકી કોણ આ અંગે પોતાની મેળે જ નોંધ (suo motu cognizance) લઈ કાર્યવાહી કરવા સક્ષમ છે ?

(A) માત્ર રાજ્યની વડી અદાલત જ

(B) જીલ્લા અદાલત કે ફેમીલી કોર્ટ

(C) ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ કે મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ

(D) આસિસ્ટન્ટ સેશન્સ જજ કે સેશન્સ જજ

147. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 ના અમલથી નીચેના પૈકી કયો કાયદો રદ્દ કરવામાં આવેલ છે ?

(A) ભારતીય લગ્ન અધિનિયમ, 1936 (ઇન્ડિયન મેરેજ એક્ટ, 1936)

(B) બાળ લગ્ન અવરોધ અધિનિયમ (ચાઈલ્ડ મેરેજ રેસ્ટ્રેઈન્ટ એક્ટ), 1929

(C) હિંદુ માઈનોરીટી એન્ડ ગાર્ડિયનશીપ એક્ટ, 1956

(D) મુસ્લિમ વીમેન પ્રોટેક્શન ઓફ રાઈટ્સ એક્ટ, 1987

148. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 ની જોગવાઈઓ મુજબ જે કોઈ વ્યક્તિ બાળ લગ્ન કરાવે, બાળલગ્ન કરાવવા અંગે નિર્દેશ આપે કે તેમાં મદદગારી કરે તેને નીચેના પૈકી કેટલી સજા થઈ શકે ?

(A) છ માસ સુધીની સખત કેદની સજા અને રૂ. 50,000 સુધીનો દંડ

(B) 1 વર્ષ સુધીની સાદી કેદની સજા અથવા રૂ. 1,00,000 સુધીનો દંડ અથવા બંને

(C) 3 વર્ષ સુધીની સાદી કેદની સજા અથવા રૂ. 5,00,000 સુધીનો દંડ અથવા બંને

(D) 2 વર્ષ સુધીની સખત કેદની સજા અને રૂ. 1,00,000 સુધીનો દંડ

149. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 અન્વયે બાળલગ્નને પરવાનગી આપનાર નીચેની વ્યક્તિઓ પૈકી કોને કેદની સજા ન થઈ શકે ?

(A) બાળલગ્નના પક્ષકાર સગીર બાળકના વૃદ્ધ પિતા

(B) બાળલગ્ન કરાવનાર પુજારી

(C) બાળકની માતા

(D) બાળલગ્ન કરાવવા જ્ઞાતિના હોલની વ્યવસ્થા કરી આપનાર જ્ઞાતિના આગેવાન

150. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 મુજબ લગ્નના જે પક્ષકાર બાળ લગ્ન વખતે સગીર હોય તેણે પુખ્ત થયેથી કેટલા સમયગાળા સુધીમાં અદાલત સમક્ષ બાળલગ્ન રદ્દ ઠરાવવા માટે અરજી કરવાની રહેશે ?

(A) પુખ્ત થયેથી 2 વર્ષ સુધીમાં

(B) પુખ્ત થયેથી 6 માસ સુધીમાં

(C) પુખ્ત થયેથી 1 વર્ષ સુધીમાં

(D) પુખ્ત થયેથી 3 વર્ષ સુધીમાં

151. ગુજરાત બાળ લગ્ન પ્રતિબંધક નિયમો, 2008 અન્વયે જીલ્લા અદાલત બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006ની કલમ 5 અન્વયે હુકમ કરતી વખતે બાળલગ્નથી ઉત્પન્ન થયેલા બાળક/બાળકીને રાખવા બાબતની ભલામણ માટેના કારણો સહીત યોગ્ય વ્યક્તિનો અને સ્થાનોને લગતો અહેવાલ .......... પાસેથી માગી શકશે.

(A) બાળલગ્ન અટકાયત અધિકારી

(B) પરિવીક્ષા અધિકારી

(C) સમાજ કલ્યાણ અધિકારી

(D) સમાજ સુરક્ષા અધિકારી

152. ગુજરાત સરકાર દ્વારા, બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 ની .......... ની જોગવાઈઓ અન્વયે મળેલ સત્તાની રૂએ ગુજરાત બાળ લગ્ન પ્રતિબંધક નિયમો, 2008 ઘડવામાં આવેલ છે.

(A) કલમ 29 (B) કલમ 1 (C) કલમ 32 (D) કલમ 19

153. ગુજરાત બાળ લગ્ન પ્રતિબંધક નિયમો, 2008 મુજબ બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીએ બાળ લગ્ન વિષે (બાળ લગ્ન થાય તે પહેલા) મળેલી ફરિયાદો અંગેનું નોંધણી રજીસ્ટર .......... મુજબ બનાવવાનું રહેશે.

(A) નમૂના - 4 (B) નમૂના - 1 (C) નમૂના - 2 (D) નમૂના - 3

154. ગુજરાત બાળ લગ્ન પ્રતિબંધક નિયમો, 2008 મુજબ બાળલગ્ન પ્રતિબંધક અધિકારીએ નમુના – 3 મુજબનો ત્રિમાસિક પ્રગતિનો અહેવાલ કોને મોકલવાનો રહેશે ?

(A) સમાજ સુરક્ષા નિયામકને (B) સમાજ સુરક્ષા અધિકારીને

(C) સમાજ કલ્યાણ અધિકારીને (D) પરિવીક્ષા અધિકારીને

155. ગુજરાત બાળ લગ્ન પ્રતિબંધક નિયમો, 2008 મુજબ બાળલગ્ન પ્રતિબંધક અધિકારીએ ત્રિમાસિક પત્રક ..........માં સાદર કરવાનું રહેશે.

(A) નમૂના - 3 (B) નમૂના - 2 (C) નમૂના - 4 (D) નમૂના - 8

156. ભારતીય ફોજદારી અધિનિયમ, 1860ની કલમ 304 B ની જોગવાઈઓ મુજબ જો કોઈ પરણિત સ્ત્રીનું તેણીના લગ્ન બાદ કેટલા વર્ષના સમયગાળા દરમ્યાન દાઝવાથી કે અકુદરતી રીતે મૃત્યુ નીપજે અને જો આવા મૃત્યુના તરત પહેલા પતિ કે સાસરિયા દ્વારા દહેજની માંગણી થયેલ તો આ સ્ત્રીનું મૃત્યુ દહેજ મૃત્યુ જ ગણાશે ?

(A) ત્રણ (B) પાંચ (C) સાત (D) બે

157. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 અન્વયે જો બાળલગ્ન કરવા સામે કોઈ અદાલતે કલમ 13 હેઠળ કાયમી કે વચગાળાનો મનાઈ હુકમ ફરમાવેલો હોય તેની વિપરીત જઈ બાળલગ્ન કરાવવામાં આવે તો તે બાળલગ્ન .......... .

(A) અદાલતના હુકમથી જ રદબાતલ થઈ શકશે.

(B) શરૂઆતથી જ રદબાતલ ગણાશે.

(C) લગ્ન સમયે લગ્નના જે પક્ષકાર સગીર હોય તેણે તે પુખ્ત થાય ત્યારે પસંદ કરેલ વિકલ્પ મુજબ રદ થવાને પાત્ર બનશે.

(D) લગ્નના પક્ષકારો પુખ્ત થયેથી જ લગ્ન કાયદેસર ગણાશે.

158. 'ક' નામનો યુવક, 'ખ' નામની યુવતીની તેણીની સમંતિ વિના તથા જાણ બહાર તેણી વસ્ત્રો બદલતી હોય તે વખતે તેણીના ફોટા પડે છે. અત્રે 'ક' ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 અન્વયે કયો ગુનો કરે છે ?

(A) જાતીય સતામણી (B) સ્ટોકીંગ (C) વોયેરીઝમ (D) બદનક્ષી

159. 'બ' નામની સ્ત્રી બાથરૂમમાં સ્નાન કરે છે, તે જાણવા છતાં 'અ' નામનો પુરુષ ઇરાદાપૂર્વક બાથરૂમનું બારણું ખોલે છે. અહીં 'અ' ભારતીય દંડ સંહિતા, 1860 અન્વયે કયો ગુનો કરે છે ?

(A) બદનક્ષી (B) સ્ત્રીની લજ્જાભંગ (C) અપનયન (D) વ્યભિચાર

160. ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 માં વર્ષ 2013ના સુધારાથી ઉમેરાયેલ કલમ 376 – D માં મુજબ "સામુહિક બળાત્કાર"ના આરોપીઓને ગુનો પુરવાર થયેથી મહત્તમ કેટલી સજા થઇ શકે ?

(A) ચૌદ વર્ષની સખત કેદ અને તે પૈકી 6 માસનો એકાંતવાસ

(B) દેહાંત દંડ

(C) વીસ વર્ષની સખત કેદ અને તે પૈકી 1 વર્ષનો એકાંતવાસ

(D) આજીવન કારાવાસ

161. ભારતીય ફોજદારી અધિનિયમ, 1860ની કલમ 498-છ અન્વયે જે સ્ત્રીનો પતિ કે તેણીના સાસરિયા સ્ત્રી પર ક્રુરતા આચરે તો તેમને નીચેના પૈકી કઈ સજા થઇ શકે ?

(A) ત્રણ વર્ષ સુધીની કેદની સજા અને દંડ

(B) બે વર્ષ સુધીની કેદની સજા અને દંડ

(C) બે વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ અથવા બંને

(D) ત્રણ વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ અથવા બંને

162. ફોજદારી કાર્યરીતી સંહિતા, 1973 અન્વયે કોઈ પણ સ્ત્રીની ધરપકડ બાબતે નીચેના પૈકી કઈ બાબત સત્ય નથી ?

(A) કોઈ પણ સ્ત્રીને સુર્યાસ્ત બાદ અને સૂર્યોદય પહેલા ધરપકડ કરવી નહી.

(B) કોઈ પણ સ્ત્રીને સુર્યાસ્ત બાદ અને સૂર્યોદય પહેલા ધરપકડ કરવી હોય તો મહિલા પોલીસ અધિકારીએ લેખિત અહેવાલ તૈયાર કરી જયુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની પરવાનગી લેવી પડશે.

(C) ધરપકડ કરવામાં આવનાર સ્ત્રી ભારતની મુલાકાતે આવેલ વિદેશી નાગરિક ન હોવી જોઈએ.

(D) જો સ્ત્રીને દેહાંત દંડ કે આજીવન કારાવાસની સજાને પાત્ર ગુનામાં પણ ધરપકડ કરવામાં આવેલ હોય તો પણ અદાલત તેણીને જામીન પર છોડી શકે છે.

163. માહિતી અધિકાર અધિનિયમ, 2005 અમલી બન્યેથી કેટલા દિવસોમાં દરેક જાહેર સત્તામંડળે તેમના સંગઠન, કાર્યો, ફરજો, અધિકારીઓની સત્તાઓ અને જવાબદારીઓ, સંગઠન સબંધિત કાયદાઓ, નિયમો, વિનિયમો વગરે બાબતો પ્રસિદ્ધ કરવાના રહેશે ?

(A) 60 દિવસોમાં

(B) 90 દિવસોમાં

(C) 100 દિવસોમાં

(D) 120 દિવસોમાં

164. માહિતી અધિકાર અધિનિયમ, 2005 હેઠળ નીચેના પૈકી કઈ માહિતી મળી શકતી નથી ?

(A) જાહેર સત્તામંડળમાં નોકરી કરતાં કર્મચારીઓના પગાર સબંધી વિગતો

(B) જાહેર સત્તામંડળના કર્મચારી/અધિકારીની લાયકાત સબંધી વિગતો

(C) જાહેર સત્તામંડળની વેપાર સબંધિત ગોપનિયતા અથવા બૌદ્ધિક સંપદા સબંધિત વિગતો

(D) જાહેર સત્તામંડળને માગેલી વિગતો એક વર્ષ પૂર્વેની બાબતને લગતી હોય

165. માહિતી અધિકાર અધિનિયમ, 2005 હેઠળ રાજ્ય મુખ્ય માહિતી કમિશનરની પોતાની કચેરી સંભાળવાની મુદત ......... ની રહેશે.

(A) હોદ્દો ધારણ કર્યાથી 5 વર્ષ માટે કે 65 વર્ષ બેમાંથી જે મુદત વહેલી પૂરી થાય ત્યાં સુધી

(B) હોદ્દો ધારણ કર્યાથી 5 વર્ષ માટે કે 62 વર્ષ બેમાંથી જે મુદત વહેલી પૂરી થાય ત્યાં સુધી

(C) કેન્દ્ર સરકાર જેટલી મુદત નિર્દિષ્ઠ કરે તેટલી કે 65 વર્ષ, બેમાંથી જે મુદત વહેલી પૂરી થાય ત્યાં સુધી

(D) રાજ્ય સરકાર જેટલી મુદત નિર્દિષ્ઠ કરે તેટલી કે 62 વર્ષ, બેમાંથી જે મુદત વહેલી પૂરી થાય ત્યાં સુધી

166. માહિતી અધિકાર અધિનિયમ, 2005 ની કલમ 19(6) મુજબ જાહેર માહિતી અધિકારીએ માહિતી માગતી અરજી પર નિર્ણય ન લીધેલ હોય, માહિતી ન આપી હોય કે આપેલ માહિતીથી અરજદારના અસંતોષ હોય તો આ બાબતે કલમ 19(1) હેઠળ કરવામાં આવેલ અપીલનો અપીલ ફાઈલ કર્યાની તારીખથી વધુમાં વધુ .......... દિવસોમાં નિકાલ લાવવાનો રહેશે.

(A) 30 (B) 45 (C) 60 (D) 90

167. માહિતી અધિકાર અધિનિયમ, 2005 હેઠળ માંગવામાં આવેલ માહિતી પૈકી અમુક માહિતી જાહેર કરવામાંથી કલમ 8 ની જોગવાઈઓ અનુસાર મુક્તિ આપવામાં આવેલ હોય અને અન્ય માહિતી આપી શકાય તેમ હોય તેવા સંજોગોમાં નીચેનામાંથી કઈ બાબત સત્ય છે ?

(A) અરજી પૈકીની કોઈ પણ માહિતી આપી શકાય નહી.

(B) અરજી પૈકીની જે માહિતી જાહેર કરી શકાય તેમ હોય તેણે છૂટી પડી માત્ર તે જ માહિતી આપી શકાય.

(C) જાહેર માહિતી અધિકારીએ અરજદારને ફરીથી અરજી કરવાનું જણાવી તેમાં માત્ર જે માહિતી જાહેર કરી શકાય તેમ હોય તે જ માહિતી માગવાનો હુકમ કરવાનો રહેશે.

(D) અરજદારને અમુક માહિતી જાહેર કરવામાંથી કલમ 8 ની જોગવાઈઓ અનુસાર મુક્તિ આપવામાં આવેલ છે તેની જાન કરી મુખ્ય માહિતી કમિશ્નર પાસેથી તે સિવાયની માહિતી મેળવવા અંગેનો આદેશ મેળવવા કાર્યવાહી કરવાનું જણાવવાનું રહેશે.

168. માહિતી અધિકાર અધિનિયમ, 2005 હેઠળ માંગવામાં આવેલ માહિતી જો કોઈ વ્યક્તિની જીંદગી કે સ્વતંત્રતા સબંધિત હોય તો તે માહિતી, જાહેર માહિતી અધિકારીએ કેટલા સમયમાં આપવાની રહેશે ?

(A) માંગણી થયા બાદ 48 કલાકમાં (B) માંગણી થયા બાદ 72 કલાકમાં

(C) માંગણી થયા બાદ એક સપ્તાહમાં (D) માંગણી થયા બાદ પંદર દિવસમાં

169. માહિતી અધિકાર અધિનિયમ, 2005 મુજબ દરેક જાહેર સત્તામંડળે કાયદો અમલી બન્યેથી કેટલા દિવસમાં લોકોને માહિતી આપવા માટે સમગ્ર વહીવટી માળખામાં જરૂરી હોય તેટલી સંખ્યામાં કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી / રાજ્ય જાહેર માહિતી અધિકારીની નિયુક્તિ કરવાની રહેશે ?

(A) 90 દિવસમાં (B) 60 દિવસમાં

(C) 100 દિવસમાં (D) 120 દિવસમાં

170. માહિતી અધિકાર અધિનિયમ, 2005 અન્વયે જો અરજદારે માહિતી મેળવવા માટેની અરજી કેન્દ્રિય/રાજ્ય મદદનીશ જાહેર માહિતી અધિકારીને સુપ્રત કરેલ હોય તો અરજદારને અરજી આપ્યેથી કેટલા દિવસમાં માહિતી પૂરી પાડવાની રહેશે ?

(A) 30 (B) 35 (C) 60 (D) 45

171. અત્યાચાર નિવારણ અધિનિયમ, 1989 અન્વયે અનુસુચિત જાતિ કે અનુસુચિત જનજાતિનો સભ્ય ન હોય તેવો કોઈ જાહેર સેવક આ અધિનિયમ કે તે અન્વયેના નિયમો હેઠળ તેણે બજાવવાની ફરજો પ્રત્યે જાણી જોઈને બેકાળજી સેવેલ હોયતો તેને નીચેના પૈકી કઈ સજા થશે ?

(A) એક માસ સુધીની કેદની સજા અને રૂપિયા 5000 સુધીનો દંડ

(B) ઓછામાં ઓછી એક માસ સુધીની અને મહત્તમ છ માસ સુધીની કેદની સજા

(C) ઓછામાં ઓછી છ માસ સુધીની અને મહત્તમ એક વર્ષ સુધીની કેદની સજા

(D) એક વર્ષ સુધીની કેદની સજા અને રૂપિયા 10,000 સુધીનો દંડ

172. અત્યાચાર નિવારણ અધિનિયમ, 1989 ની જોગવાઈ અનુસાર જો અનુસુચિત જાતિ કે અનુસુચિત જનજાતિનો સભ્ય ન હોય તેવો વ્યક્તિ, સામેવાળો વ્યક્તિ અનુસુચિત જાતિ કે અનુસુચિત જનજાતિનો સભ્ય છે અથવા જે મિલકત સામે ગુનો આચરવામાં આવે છે તે મિલકત અનુસુચિત જાતિ કે અનુસુચિત જનજાતિના સભ્યની છે, તે જાણવા છતાં આવી વ્યક્તિ સામે કે તેની મિલકત સામે ભારતીય ફોજદારી અધિનિયમ હેઠળ 10 વર્ષની કેદ કે તેથી વધુ કેદની સજાને પાત્ર હોય તેવો ગુનો કરે તેને નીચેના પૈકી કઈ સજા થશે ?

(A) આજીવન કારાવાસ અને દંડ | (B) 10 વર્ષની કેદ અને દંડ
(C) 7 વર્ષની કેદ અને દંડ | (D) 5 વર્ષની કેદ અને દંડ

173. અત્યાચાર નિવારણ અધિનિયમ, 1989 અન્વયે કોઈ ગુનાના ચાલતા ખટલામાં જો એમ સાબિત થાય કે આરોપીને ગુનાનો ભોગ બનનાર કે તેના કુટુંબ વિષે અંગત જાણકારી હતી, તો અદાલત .......... .

(A) જો વિપરીત પુરવાર થાય તો એમ અનુમાન કરી શકે કે પીડિત વ્યક્તિની જાતિ કે જનજાતિની ઓળખ વિષે આરોપીને જાણકારી હતી

(B) જો વિપરીત પુરવાર ન થાય તો એમ અનુમાન કરી જ લેશે કે પીડિત વ્યક્તિની જાતિ કે જનજાતિની ઓળખ વિષે આરોપીને જાણકારી હતી

(C) જો વિપરીત પુરવાર ન થાય તો એમ અનુમાન કરી ન શકે કે પીડિત વ્યક્તિની જાતિ કે જનજાતિની ઓળખ વિષે આરોપીને જાણકારી હતી

(D) પીડિત વ્યક્તિની જાતિ કે જનજાતિ વિષે આરોપી જાણકારી હતી તેમ અનુમાન કરશે જ નહી

174. અત્યાચાર નિવારણ અધિનિયમ, 1989 હેઠળ સ્પેશિયલ કોર્ટને તેની સમક્ષ થયેલ ફરિયાદ કે પોલીસ રીપોર્ટ પરથી એમ જણાય કે કોઈ વ્યક્તિ ભારતના બંધારણ હેઠળના અનુચ્છેદ 244 માં નિર્દિષ્ઠ "અનુસુચિત વિસ્તાર" કે "આદિવાસી વિસ્તાર"માં સમાવિષ્ટ એવા કોઈ વિસ્તારમાં આ કાયદાના પ્રકરણ 2 અન્વયેનો કોઈ ગુનો કરી શકે છે, તો ખાસ અદાલત આવી વ્યક્તિને વધુમાં વધુ કેટલા સમયગાળા માટે આવા વિસ્તારમાંથી દુર કરવાનો હુકમ કરી શકે ?

(A) છ માસ | (B) એક વર્ષ | (C) બે વર્ષ | (D) ત્રણ વર્ષ

175. અત્યાચાર નિવારણ અધિનિયમ, 1989 હેઠળ નોંધાયેલ સ્પેશિયલ કોર્ટ કે એસ્કલુસીવ સ્પેશિયલ કોર્ટના ચુકાદો, સજાનો હુકમ કે વચગાળાનો હુકમ ન હોય તેવા હુકમને .......... માં .......... દ્વારા પડકારી શકાશે.

(A) હાઈકોર્ટ, અપીલ | (B) સેશન્સ કોર્ટ, પરચુરણ અરજી
(C) હાઈકોર્ટ, રેફરન્સ | (D) મેટ્રોપોલીટન કોર્ટ, રીવીઝન

176. અત્યાચાર નિવારણ અધિનિયમ, 1989 હેઠળ નીચેના પૈકી કઈ બાબત સત્ય નથી ?

(A) આ કાયદા અન્વયે થયેલી ફરિયાદના સંદર્ભમાં પ્રથમ બાતમી અહેવાલ નોંધતા પહેલા પોલીસે પ્રાથમિક તપાસ કરવી જરૂરી નથી.

(B) આ કાયદા હેઠળ થયેલી ફરિયાદના સંદર્ભમાં તપાસ કરનાર પોલીસ અધિકારીએ આરોપીની ધરપકડ કરવા માટે કોઈની મંજુરી લેવાની હોતી નથી.

(C) આ કાયદા અન્વયે 18 વર્ષથી વધુ વયના જે કોઈ વ્યક્તિ સામે ગુનો નોંધાયેલ હોય તેને ગુનેગાર પરિવીક્ષા અધિનિયમ 1958 ની જોગવાઈઓ લાગુ પડી શકશે.

(D) આ કાયદા હેઠળ ગુનેગારને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ 360 ની જોગવાઈઓ લાગુ પડતી નથી.

177. ધી ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઓફ રાઈટ્સ) ઍક્ટ, 2019 અનુસંધાને ટ્રાન્સજેન્ડર વ્યક્તિએ ટ્રાન્સજેન્ડર વ્યક્તિ તરીકેનું સર્ટીફીકેટ મેળવ્યા બાદ સર્જરી દ્વારા લિંગ પરિવર્તન કરાવી સ્ત્રી કે પુરુષ બને તો તેણે સર્જરી કરાવી હોય તે તબીબી સંસ્થાના મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ કે ચીફ મેડીકલ ઓફિસરના પ્રમાણપત્ર સાથે લિંગ પરિવર્તન અંગેનું રીવાઈઝડ સર્ટીફીકેટ મેળવવા માટે કોની સમક્ષ અરજી કરવી પડે છે ?

(A) જીલ્લા મેજિસ્ટ્રેટ
(B) સમાજ કલ્યાણ અધિકારી
(C) સિવિલ સર્જન – સરકારી હોસ્પિટલ
(D) UIDAI (AADHAR) – સરકારી એજન્સી

178. ધી ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઓફ રાઈટ્સ) ઍક્ટ, 2019 ના પ્રકરણ IV અન્વયે સમુચિત સરકારની ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ પ્રત્યેની ફરજોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) ટ્રાન્સજેન્ડર વ્યક્તિ સામે ભેદભાવ પર પ્રતિબંધો મુકવા અને તેમના હકો અને હિતોનું રક્ષણ કરવું
(B) ટ્રાન્સજેન્ડર વ્યક્તિ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં ભાગ લઈ શકે તેવા પગલા લેવા
(C) ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ તૈયાર કરવી
(D) જરૂરતમંદ ટ્રાન્સજેન્ડર વ્યક્તિને માસિક રૂ. 2000 નું જીવનનિર્વાહ ભથ્થું આપવું

179. ધી ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઓફ રાઈટ્સ) ઍક્ટ, 2019 અન્વયે જે કોઈ, ટ્રાન્સજેન્ડર વ્યક્તિને તેનું ઘર, ગામ કે રહેણાંક સ્થળ બળજબરીથી છોડવાની ફરજ પાડે કે બાધ્ય કરે તો તેને નીચેના પૈકી કઈ સજા થઈ શકે ?

(A) 3 વર્ષથી ઓછી નહી પણ 10 વર્ષ સુધીની કેદની સજા અને દંડ
(B) 2 વર્ષથી ઓછી નહી 5 પણ વર્ષ સુધીની કેદની સજા અને દંડ
(C) 1 વર્ષથી ઓછી નહી પણ 3 વર્ષ સુધીની કેદની સજા અને દંડ
(D) 6 માસથી ઓછી નહી પણ 2 વર્ષ સુધીની કેદની સજા અને દંડ

180. ધી ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઓફ રાઈટ્સ) રુલ્સ 2020 પ્રમાણે આ નિયમો અમલી બન્યાની તારીખથી કેટલા સમયમાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના અધિકારોના સંરક્ષણ માટે સમુચિત સરકાર, હોસ્પીટલમાં અલગ વોર્ડ, અલગ વોશરુમ્સ જેવી અલાયદી સંસ્થાકીય અને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરશે ?

(A) 6 માસ
(B) 1 વર્ષ
(C) 2 વર્ષ
(D) 3 વર્ષ

181. ધી ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઓફ રાઈટ્સ) ઍક્ટ, 2019ની જોગવાઈઓ મુજબ .......... પોતાના હોદ્દાની રુએ નેશનલ કાઉન્સિલ ફોર ટ્રાન્સજેન્ડર પર્સન્સના અધ્યક્ષ તરીકેનો હોદ્દો સંભાળશે.

(A) ગૃહ વિભાગના કેન્દ્રીય મંત્રી
(B) સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધિશ
(C) સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી
(D) સ્વાસ્થ્ય અને કૌટુંબિક કલ્યાણ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી

182. ધી ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઓફ રાઈટ્સ) ઍક્ટ, 2019 હેઠળ બનેલ નેશનલ કાઉન્સિલ ફોર ટ્રાન્સજેન્ડર પર્સન્સના પોતાના હોદ્દાની રૂએ નિમાયેલ સભ્યો સિવાયના સભ્યો તેમની ઓફિસમાં કેટલા સમયગાળા સુધી હોદ્દો ધારણ કરી શકશે ?

(A) નોમીનેશનની તારીખથી 2 વર્ષ સુધી
(B) નોમીનેશનની તારીખથી 3 વર્ષ સુધી
(C) નોમીનેશનની તારીખથી 5 વર્ષ સુધી
(D) નોમીનેશનની તારીખથી 6 વર્ષ સુધી

183. ધી ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઓફ રાઈટ્સ) રુલ્સ 2020 મુજબ ટ્રાન્સજેન્ડર વ્યક્તિને કયા ફોર્મમાં ટ્રાન્સજેન્ડર તરીકેની ઓળખ ધરાવતું સર્ટીફીકેટ આપવામાં આવશે ?

(A) ફોર્મ – 1 (B) ફોર્મ – 2 (C) ફોર્મ – 3 (D) ફોર્મ – 3-A

184. ધી ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઓફ રાઈટ્સ) રુલ્સ 2020 મુજબ ટ્રાન્સજેન્ડર વ્યક્તિને મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ કે મેડિકલ ઓફિસર દ્વારા સર્ટીફીકેટ ઇન્ડીકેટીંગ ચેઈન્જ ઈન જેન્ડર (જાતિ બદલ્યા અંગેનું પ્રમાણપત્ર) .........માં અન્ય દસ્તાવેજો સાથે આપ્યા ચકાસણી કરી જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ટ્રાન્સજેન્ડર વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ અરજીની તારીખથી ......... દિવસમાં સુધારેલું સર્ટીફીકેટ આપશે.

(A) ફોર્મ – 4, 30 દિવસમાં (B) ફોર્મ – 4, 45 દિવસમાં

(C) ફોર્મ – 6, 30 દિવસમાં (D) ફોર્મ – 6, 45 દિવસમાં

185. હિંદુ દત્તકવિધાન અને ભરણપોષણ અધિનિયમ, 1956ની જોગવાઈ પ્રમાણે દત્તક લેવા ઇચ્છતી વ્યક્તિ સ્ત્રી હોય અને દત્તક તરીકે લેવામાં આવનાર બાળક પુરુષ હોય તો દત્તક લેનાર માતા, એ દત્તક તરીકે લેવામાં આવનાર પુરુષ બાળક કરતા કેટલા વર્ષ મોટી હોવી જોઈએ?

(A) 11 વર્ષ (B) 18 વર્ષ (C) 15 વર્ષ (D) 21 વર્ષ

186. મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પ્રચલિત કરવામાં આવેલ "વ્હાલી દીકરી યોજના"નો લાભ સામાન્ય સંજોગોમાં નીચે પૈકી કેવા સ્ત્રી સંતાનને મળવાને પાત્ર છે ?

(A) દંપતીનાં માત્ર પ્રથમ સ્ત્રી સંતાનને

(B) દંપતીનાં માત્ર પ્રથમ અને દ્વિતીય સંતાનનો પૈકીની તમામ દીકરીઓને

(C) દંપતીનાં માત્ર પ્રથમ, દ્વિતીય અને તૃતીય સંતાનો પૈકીની તમામ દીકરીઓને

(D) દંપતીનાં માત્ર પ્રથમ, દ્વિતીય, તૃતીય અને ચોથા સ્ત્રી સંતાન પૈકીની પ્રથમ બે દીકરીઓને

187. ફોજદારી કાર્યવાહી સંહિતા (કોડ ઓફ ક્રિમીનલ પ્રોસિજર), 1973ની કલમ 125 અન્વયે નીચેના પૈકી ક્યા સંજોગોમાં પરણિત સ્ત્રી તેણીના પતિ પાસેથી અદાલતના હુકમ દ્વારા માસિક ભરણ પોષણની રકમ મેળવવા હક્કદાર નથી ?

(A) જો પત્નીએ તેણીના પતિથી છૂટાછેડા લીધેલ હોય અને પુનઃલગ્ન ન કરેલ હોય

(B) જો સ્ત્રીના પતિએ અન્ય સ્ત્રી સાથે લગ્ન કર્યા હોય

(C) જો સ્ત્રી તેણીના પતિ સાથે પરસ્પર સમંતિથી અલગ રહેતી હોય.

(D) જો પત્ની તેણીનો પતિ ક્રુરતા આચરતો હોવાને લીધે અલગ રહેતી હોય.

188. 'અ' નામનો પુખ્ત વયનો પુરુષ 'બ' નામની સ્ત્રીને તેણીની ઈચ્છા વિરુદ્ધ તેની સાથે અવારનવાર જાણી જોઇને શારીરિક સંપર્ક કરે છે અને તેણીને પોતાની સાથે જાતીય સબંધ રાખવા માંગણી કરી તેણીની જાતીય સતામણી કરે છે. અત્રે 'અ' ને ભારતીય દંડ સંહિતા, 1860 મુજબ નીચે પૈકી કઈ સજા થઈ શકે ?

(A) એક વર્ષ સુધીની સખત કેદની સજા અથવા દંડ અથવા બંને

(B) ત્રણ વર્ષ સુધીની સખત કેદની સજા અથવા દંડ અથવા બંને

(C) એક વર્ષ સુધીની ગમે તે પ્રકારની કેદની સજા અથવા દંડ અથવા બંને

(D) ત્રણ વર્ષ સુધીની ગમે તે પ્રકારની કેદની સજા અથવા દંડ અથવા બંને

189. ભારતીય દંડ સંહિતા, 1860 હેઠળની જોગવાઈઓ અનુસાર જે કોઈ વ્યક્તિ કોઈ 18 વર્ષથી નીચેની ઉંમરની સગીર યુવતીને અન્ય પુરુષ સાથે ગેરકાયદેસર રીતે શારીરિક સંભોગ કરવા માટે દુષ્પ્રેરણ કરે તો દુષ્પ્રેરણ કરનાર વ્યક્તિને નીચેના પૈકી કઈ સજા થઈ શકે ?

(A) ત્રણ વર્ષ સુધીની કેદની સજા અને દંડ
(B) દસ વર્ષ સુધીની કેદની સજા અને દંડ
(C) સાત વર્ષ સુધીની કેદની સજા અને દંડ
(D) પાંચ વર્ષ સુધીની કેદની સજા અને દંડ

190. જે કોઈ પુરુષ 12 વર્ષથી નીચેની વયની સ્ત્રી પર બળાત્કાર કરે તેને ભારતીય દંડ સંહિતા, 1860 હેઠળ નીચેના પૈકી કઈ સજા થશે ?

(A) ઓછામાં ઓછી સાત વર્ષ સુધીની સખત કેદની પરંતુ મહત્તમ 20 વર્ષ સુધીની સખત કેદની સજા અને દંડ
(B) ઓછામાં ઓછી દસ વર્ષ સુધીની સખત કેદની પરંતુ મહત્તમ 20 વર્ષ સુધીની સખત કેદની અને દંડ
(C) ઓછામાં ઓછી ચૌદ વર્ષ સુધીની સખત કેદની પરંતુ આજીવન કારાવાસ સુધીની કેદની સજા અને દંડ
(D) ઓછામાં ઓછી વીસ વર્ષ સુધીની સખત કેદની પરંતુ આજીવન કારાવાસ સુધીની કેદની સજા અને દંડ

191. મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા શરુ કરવામાં આવેલ ‘‘પુર્ણા યોજના’’ ના લાભાર્થીએ અરજી સમયે નીચે પૈકી કયા આધાર રજૂ કરવા જરૂરી છે ?

(A) જન્મનું પ્રમાણપત્ર
(B) જાતિનો દાખલો
(C) આધાર કાર્ડ
(D) કોઈ જ પુરાવાની જરૂર નથી

192. મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા અમલી બનાવવામાં આવેલ ‘‘શક્તિ સદન’’ યોજનામાં નીચે પૈકી કઈ બે યોજનાઓને મર્જ કરવામાં આવેલ છે ?

(A) સ્વધાર ગૃહ યોજના તથા ઉજ્વલા યોજના
(B) ઉજ્વલા યોજના અને પુર્ણા યોજના
(C) સખી નિવાસ યોજના અને નીરમયા યોજના
(D) સ્વધાર ગૃહ યોજના અને સખી નિવાસ યોજના

193. પ્રિવેન્ટીવ રેસ્ક્યૂ સેન્ટર ખાતે આશ્રય લઈ રહેલી બહેનોને લગ્ન સહાય પેટે મળતી રકમ મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા તા.01.04.2023 થી વધારીને રૂપિયા ..........કરવામાં આવી છે.

(A) 1,00,000
(B) 1,21,000
(C) 1,50,000
(D) 2,00,000

194. ‘‘બેટી બચાવો બેટી પઢાવો’’ યોજના નાણાકીય બાબતે નીચે પૈકી કઈ રીતે પુરસ્કૃત છે ?

(A) 70% રાજ્ય સરકાર + 30% કેન્દ્ર સરકાર દ્વારા
(B) 50% રાજ્ય સરકાર + 50% કેન્દ્ર સરકાર દ્વારા
(C) 100% રાજ્ય સરકાર દ્વારા
(D) 100% કેન્દ્ર સરકાર દ્વારા

195. ‘‘સંત સૂરદાસ યોજના’’ માટે નીચે પૈકી કેટલા ટકા દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિ લાભ મેળવવાની પાત્રતા ધરાવે છે ?

(A) 60% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા
(B) 70% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા
(C) 80% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા
(D) 100% દિવ્યાંગતા ધરાવતા

196. ......... કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ ‘‘દિવ્યાંગ સાધન સહાય યોજના’’નો લાભ મેળવવાને પાત્ર રહેશે.

(A) 40% (B) 50% (C) 60% (D) 80%

197. ‘‘દિવ્યાંગ વ્યક્તિને ઈલેક્ટ્રિક સ્કૂટર આપવાની યોજના’’ માટે બી. પી. એલ યાદીમાં લાભાર્થીનો નીચે પૈકી કેટલો સ્કોર હોવો આવશ્યક છે ?

(A) 0 થી 10 (B) 0 થી 20 (C) 0 થી 30 (D) 0 થી 40

198. ‘‘નિરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ યોજના’’ નીચે પૈકી કયા રોગો સબબની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને જ મળવાને પાત્ર છે.

(A) સ્વલીનતા
(B) બહુવિધ દિવ્યાંગતા
(C) મગજનો લકવો
(D) ઉપરોક્ત પૈકી તમામ રોગો

199. ‘‘માતા યશોદા ગૌરવ નિધિ’’ નામે વીમા યોજના નીચેના પૈકી કોના લાભાર્થે શરૂ કરવામાં આવેલ છે ?

(A) 50 વર્ષ થી મોટી ઉંમરની નિરાશ્રિત સ્ત્રીઓ
(B) વિધવા સ્ત્રીઓ
(C) હોસ્પિટલમાં કામ કરતી બહેનો
(D) આંગણવાડી કાર્યકરો

200. ‘‘સખીનિવાસ યોજના’’ અંતર્ગત સામાન્ય સંજોગોમા લાભાર્થી મહિલાઓ આ યોજનાનો લાભ કેટલા સમય સુધી મેળવી શકે છે ?

(A) 1 વર્ષ સુધી
(B) 2 વર્ષ સુધી
(C) 3 વર્ષ સુધી
(D) આજીવન લાભ મેળવી શકે છે.

201. ‘‘પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેંન્ટર’’ એ કોણ દ્વારા પુરરસ્કૃત યોજના છે?

(A) કેન્દ્ર સરકાર દ્વારા
(B) રાજ્ય સરકાર દ્વારા
(C) કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સંયુક્ત રીતે
(D) બિનસરકારી સંગઠનો દ્વારા પોલીસ સ્ટેશનમાં ચાલતી સેવા

202. ‘‘દિવ્યાંગ લગ્ન સહાય યોજના’’ અંતર્ગત લગ્ન થયાનાં કેટલા સમયમાં સહાય માટે અરજી કરવાની રહે છે ?

(A) લગ્નનાં 6 માસમાં
(B) લગ્નનાં 1 વર્ષમાં
(C) લગ્નનાં 2 વર્ષમાં
(D) લગ્નનાં 3 વર્ષમાં

203. ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973 ની કલમ 154 હેઠળ નીચેના પૈકી સ્ત્રી સામે થયેલા ક્યા ગુના કે તેના પ્રયત્ન સબંધી માહિતી સ્ત્રી પોલીસ અધિકારી કે સ્ત્રી અધિકારી સમક્ષ જ લેવામાં આવશે ?

(A) વોયેરીઝમ
(B) દહેજ મૃત્યુ
(C) પતિ કે પતિના સગાઓ દ્વારા ક્રુરતા
(D) બળજબરીથી કાઢવી લેવાનું કૃત્ય (Extortion)

204. નીચેના પૈકી કયા કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે ટ્રિપલ તલાક (તલાક – ઈ – બિદ્દત)થી આપવામાં આવેલ તલાક ગેરબંધારણીય છે ?

(A) મહંમદ એહમદ ખાન વિ. શાહ્‌બાનું બેગમ
(B) ડેનિયલ લતીફી વિ. યુનિયન ઓફ ઈન્ડિયા
(C) સાયરા બાનું વિ. યુનિયન ઓફ ઈન્ડિયા
(D) ઈસ્માઈલ ફારૂકી વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

205. ગુનેગાર પરિવીક્ષા ધારા,1958 અંતર્ગત અદાલત, દોષિત પુરવાર થયેલી વ્યક્તિને ચેતવણી આપીને છોડી મૂકવાની સત્તા ધરાવે છે જો તે વ્યક્તિ સામે .......... .

(A) 3 વર્ષથી ઓછી હોય તેવી કેદની શિક્ષાને પાત્ર ગુના અંગેનો આરોપ હોય
(B) 2 વર્ષથી ઓછી ન હોય તેવી કેદની શિક્ષાને પાત્ર ગુના અંગેનો આરોપ હોય
(C) 3 વર્ષથી ઓછી ન હોય તેવી કેદની શિક્ષાને પાત્ર ગુના અંગેનો આરોપ હોય
(D) 2 વર્ષથી ઓછી હોય તેવી કેદની શિક્ષાને પાત્ર ગુના અંગેનો આરોપ હોય

206. અત્યાચાર નિવારણ અધિનિયમ, 1989 હેઠળ અનુસુચિત જાતિ કે અનુસુચિત જનજાતિ ના સભ્ય ના હોય તેવી વ્યક્તિ અનુસુચિત જાતિ કે જનજાતિ ના કોઈ સભ્યને તેનું ઘર, ગામ કે અન્ય રહેઠાણનું સ્થળ છોડવા બળજબરી કરે તો તેમ કરનાર .......... ની શિક્ષાને પાત્ર ઠરશે.

(A) 1 માસથી ઓછી નહિ, પરંતુ 1 વર્ષ સુધીની કેદની સજા
(B) 6 માસથી ઓછી નહિ, પરંતુ 5 વર્ષ સુધીની કેદની સજા
(C) 1 માસથી ઓછી નહિ, પરંતુ 6 માસ સુધીની કેદની સજા
(D) 1 માસની કેદની સજા અને રૂ. 1000 ના દંડ

207. અત્યાચાર નિવારણ અધિનિયમ, 1989 અન્વયે ગુનાની ઝડપી ઈન્સાફી કાર્યવાહી પૂરી પાડવા માટેની ખાસ અદાલતમાં કેસ ચલાવવાના હેતુ માટે રાજ્ય સરકાર ખાસ પબ્લિક પ્રોસિક્યુટર તરીકે એવા વકીલની નિયુક્તિ કરશે કે જેણે ન્યુનત્તમ .......... વર્ષથી વકીલાત કરતા હોય.

(A) 2
(B) 3
(C) 5
(D) 7

208. અત્યાચાર નિવારણ અધિનિયમ, 1989 હેઠળના ગુનાની બાબતમાં સંડોવાયેલ કોઈ વ્યક્તિની ધરપકડના કેસના સબંધમાં ફોજદારી કાર્યવાહી અધિનિયમ, 1973 ની કલમ .......... લાગુ પડશે નહીં.

(A) ભારતીય દંડ સંહિતા, 1860 ની કલમ 149
(B) ફોજદારી કાર્યવાહી અધિનિયમ, 1973 ની કલમ 438
(C) ફોજદારી કાર્યવાહી અધિનિયમ, 1973 ની કલમ 154
(D) ભારતીય દંડ સંહિતા, 1860 ની કલમ 34

209. અત્યાચાર નિવારણ અધિનિયમ, 1989 નાં અસરકારક અમલ સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારે રાજ્ય સરકારો દ્વારા લેવાયેલા પગલાઓનો રીપોર્ટ .......... સંસદના ગૃહમાં ટેબલ પર મુકવાનો રહેશે.

(A) દર વર્ષે
(B) દર છ માસે
(C) દર ચાર માસે
(D) દર બે વર્ષે

210. ધી રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબીલીટીસ એક્ટ, 2016 પ્રમાણે સંસ્થાને આપવામાં આવેલ નોંધણીના પ્રમાણપત્રને રિન્યૂ કરવા માટેની અરજી પ્રમાણપત્રની મુદત .......... .

(A) પુરી થાય તેના ઓછામાં ઓછા 90 દિવસ પહેલાં કરવાની રહેશે.

(B) પુરી થાય તેના ઓછામાં ઓછા 60 દિવસ પહેલાં કરવાની રહેશે.

(C) પુરી થાય તેના ઓછામાં ઓછા 30 દિવસ પહેલાં કરવાની રહેશે.

(D) પુરી થયેથી 60 દિવસમાં કરવાની રહેશે.

211. ધી રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબીલીટીસ એક્ટ, 2016 અન્વયે બેન્ચમાર્ક વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ માટેએ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાનોમાં પ્રવેશ મેળવવા માટે નિર્ધારિત કરેલ ઉપરની વય મર્યાદામાં (Upper Age Limit) .......... વર્ષની છૂટ મળશે.

(A) 5 (B) 4 (C) 3 (D) 7

212. ધી રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબીલીટીસ એક્ટ, 2016 હેઠળ જો કોઈ વ્યક્તિ કપટયુક્ત રીતે વિકલાંગ વ્યક્તિઓને મળવાપાત્ર લાભો મેળવે તેને નીચેના પૈકી કઈ સજા થઈ શકે ?

(A) ત્રણ માસ સુધીની કેદ અથવા રૂપિયા દસ હજાર સુધીનો દંડ અથવા બંને

(B) છ માસ સુધીની કેદ અથવા રૂપિયા વીસ હજાર સુધીનો દંડ અથવા બંને

(C) બે વર્ષ સુધીની કેદ અથવા રૂપિયા એક લાખ સુધીનો દંડ અથવા બંને

(D) એક વર્ષ સુધીની કેદ અથવા રૂપિયા પચાસ હજાર સુધીનો દંડ અથવા બંને

213. ધી રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબીલીટીસ એક્ટ, 2016 હેઠળ કાર્યરત કેન્દ્રિય વિકલાંગ સલાહકાર બોર્ડ .......... .

(A) એક મહિનામાં ઓછામાં ઓછી એક વાર મળશે.

(B) એક વર્ષમાં ઓછામાં ઓછી પાંચ વાર મળશે

(C) દર છ મહિનામાં ઓછામાં ઓછી એક વાર મળશે.

(D) દર ચાર મહિનામાં ઓછામાં ઓછી એક વાર મળશે.

214. ધી રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબીલીટીસ એક્ટ, 2016 હેઠળ ‘‘બેન્ચમાર્ક વિકલાંગતા’’ એટલે .......... થી ઓછી નહિ તેવી નિર્દિષ્ઠ વિકલાંગતા (specified disability).

(A) 60 % (B) 40 %

(C) 45 % (D) 65 %

215. ધી ગુજરાત રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2019 મુજબ નોંધણીનું પ્રમાણપત્ર રદબાતલ કરતાં સક્ષમ સત્તામંડળનાં હુકમ સામેની અપીલ, અપીલ સત્તાધિકારીને .......... કરી શકાય.

(A) હુકમની તારીખથી 60 દિવસની અંદર કરી શકાય.

(B) હુકમની તારીખથી 3 મહિનાની અંદર કરી શકાય.

(C) પ્રમાણપત્રની આખર તારીખથી 60 દિવસમાં કરી શકાય.

(D) પ્રમાણપત્રની આખર તારીખથી 3 મહિનામાં કરી શકાય.

216. ધી ગુજરાત રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2019 હેઠળ વીસ કે વધુ વ્યક્તિઓને કામે રાખ્યા હોય તેવી ગુજરાત સરકાર કે કોઈ ખાનગી સંસ્થાના વડાને કોઈ નારાજ વ્યક્તિ તરફથી અશક્તતાના કારણસર ભેદભાવ સબંધી ફરિયાદ મળેલ હોય અને સંસ્થાના વડાના હુકમ સામે નારાજ થઈ વ્યક્તિ .......... ને ફરિયાદ કરે તો આવી ફરિયાદનો નિકાલ સામાન્ય રીતે, અપવાદરૂપ કિસ્સો ન હોય તો .......... દિવસની અંદર કરવાનો રહેશે.

(A) રાજ્ય સરકાર, 90 દિવસ
(B) પોલીસ કમિશ્નર, 30 દિવસ
(C) જીલ્લા અદાલત, 45 દિવસ
(D) રાજ્ય કમિશ્નર, 60 દિવસ

217. ધી ગુજરાત રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2019 હેઠળ ગુજરાત રાજ્ય સલાહકાર બોર્ડની કોઈ બેઠક માટે કોરમ .......... .

(A) બોર્ડના ત્રણ ચતુર્થાંશ સભ્યોનું બનશે.
(B) બોર્ડના એક દ્વિતિયાંશ સભ્યોનું બનશે.
(C) બોર્ડના એક તૃતીયાંશ સભ્યોનું બનશે.
(D) બોર્ડના બે તૃતીયાંશ સભ્યોનું બનશે.

218. ધી ગુજરાત રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2019 હેઠળ અશક્તતાનું પ્રમાણપત્ર કાઢી આપતા સત્તા મંડળના નિર્ણયથી નારાજ થયેલ કોઈ વ્યક્તિ કમિશ્નર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન, ગુજરાત રાજ્યને .......... .

(A) નિર્ણયની તારીખથી ત્રીસ દિવસની અંદર અપીલ કરી શકશે.
(B) નિર્ણયની તારીખથી નેવું દિવસની અંદર અપીલ કરી શકશે.
(C) નિર્ણયની તારીખથી સાઈઠ દિવસની અંદર અપીલ કરી શકશે.
(D) અપીલ કરવા માટે સમય મર્યાદાની જોગવાઈ નથી.

219. ધી ગુજરાત રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2019 અનુસાર, જિલ્લા સ્તરની સમિતિમાં નીચેના પૈકી કોણ અધ્યક્ષ રહેશે ?

(A) જિલ્લા સ્તરની સમિતિના સભ્યો દ્વારા ચૂંટાયેલ સભ્ય અધ્યક્ષ બનશે.
(B) સંલગ્ન જિલ્લાનાં કલેક્ટર અને જીલ્લાના જીલ્લા મેજીસ્ટ્રેટ હોદ્દાની રુએ અધ્યક્ષ બનશે.
(C) સંલગ્ન જિલ્લાનાં સામાજિક સંરક્ષણ અધિકારી હોદ્દાની રુએ અધ્યક્ષ બનશે
(D) સંલગ્ન મ્યુનિસિપલ કમિશ્નર હોદ્દાની રુએ અધ્યક્ષ બનશે.

220. અશક્ત વ્યક્તિઓ માટેની સંસ્થા સ્થાપવા માંગતી વ્યક્તિ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર મેળવવા માટે ધી ગુજરાત રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2019 ના .......... મુજબ અરજી કરી શકશે.

(A) નમૂના – ક (Form A)
(B) નમૂના – ખ (Form B)
(C) નમુના -2 (Form 2)
(D) નમુના 24 (Form XXIV)

221. ધી ગુજરાત રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2019 અંતર્ગત અશક્ત વ્યક્તિઓ માટેના 'ગુજરાત રાજ્ય ફંડ'નું સંચાલન કરવા માટેના નામનિયુક્ત સભ્યો કેટલા સમયગાળા સુધી તેમનો હોદ્દો ધરાવશે ?

(A) 5 વર્ષથી વધુ નહિ તેટલા સમયગાળા માટે
(B) 2 વર્ષથી વધુ નહિ તેટલા સમયગાળા માટે
(C) 4 વર્ષથી વધુ નહિ તેટલા સમયગાળા માટે
(D) 3 વર્ષથી વધુ નહિ તેટલા સમયગાળા માટે

222. ધી રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબીલીટીસ રૂલ્સ, 2017 અનુસાર કેન્દ્રિય સલાહકાર બોર્ડની ખાસ બેઠક બોલવા માટે સભ્ય સચિવ દ્વારા દરેક સભ્યને મિટિંગ અંગે .......... .

(A) ચોખ્ખા 15 દિવસની નોટિસ આપવાની રહેશે.

(B) ચોખ્ખા 5 દિવસની નોટિસ આપવાની રહેશે.

(C) ચોખ્ખા 7 દિવસની નોટિસ આપવાની રહેશે.

(D) ચોખ્ખા 10 દિવસની નોટિસ આપવાની રહેશે.

223. જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, 2012 અન્વયે ખાસ અદાલતમાં જયારે બાળકના પુરાવાની નોંધની કરવામાં આવતી હોય ત્યારે .......... .

(A) બાળકને આરોપી સમક્ષ ઉપસ્થિત કરી આરોપીની ઓળખ કરવામાં આવશે.

(B) આરોપી બાળકનું નિવેદન સાંભળી ન શકે તેની તકેદારી રાખવામાં આવશે.

(C) આરોપી બાળકને નિવેદન આપતા જોઈ કે સાંભળી ન શકે તે માટે આરોપીને અદાલતમાં હાજર રાખવામાં આવશે નહી.

(D) બાળક નિવેદન આપતી વખતે આરોપીને જોઈ ન શકે, પરંતુ આરોપી બાળકના નિવેદનને સાંભળી શકે અને પોતાના વકીલ સાથે સંપર્ક કરી શકે તે સુનિશ્ચિત કરવામાં આવશે.

224. જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, 2012ની કલમ 3, 5, 7 અને 9 અન્વયે થયેલ ગુનાઓ માટે તેના ઉત્તેજન આપવા માટે કે ગુનાનો પ્રયત્ન કરવા માટે જયારે કોઈ વ્યક્તિ સામે કાર્યવાહી ચાલતી હોય ત્યારે નીચેના પૈકી કયું વિધાન સત્ય છે ?

(A) જ્યાં સુધી વિપરત પુરવાર ન થાય ખાસ અદાલત એમ માની જ લેશે કે વ્યક્તિએ ગુનો કરેલ છે કે તેને ઉત્તેજન આપેલ છે કે ગુનો કરવાનો પ્રયત્ન કરેલ છે.

(B) વ્યક્તિએ ગુનો કરેલ છે કે તેને ઉત્તેજન આપેલ છે કે ગુનો કરવાનો પ્રયત્ન કરેલ છે તે સાબિત કરવાની જવાબદારી સરકારી વકીલની છે.

(C) જ્યાં સુધી વિપરત પુરવાર ન થાય ખાસ અદાલત એમ માની જ લેશે કે વ્યક્તિ નિર્દોષ છે.

(D) ઉપરના પૈકી કોઈ પણ વિધાન સત્ય નથી.

225. ધી રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ એક્ટ, 2016 અંતર્ગત તકરાર નિવારણ અધિકારીએ નિભાવવાના ફરિયાદ રજીસ્ટરમાં નોંધાયેલ ફરિયાદની તપાસ ફરિયાદની નોંધણી થયેથી કેટલા સમયગાળામાં કરવાની રહેશે ?

(A) ફરિયાદની નોંધણી થયેથી એક સપ્તાહમાં

(B) ફરિયાદની નોંધણી થયેથી ત્રણ દિવસમાં

(C) ફરિયાદની નોંધણી થયેથી બે સપ્તાહમાં

(D) ફરિયાદની નોંધણી થયેથી ત્રીસ દિવસમાં

226. ધી રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ એક્ટ, 2016 અન્વયે બેંચમાર્ક વિકલાંગતા ધરાવતું બાળક, જો તેની ઉંમર .......... તો તેની ઘરની નજીક આવેલ શાળામાં અથવા તો ખાસ શાળામાં અથવા તેની પસંદગીની શાળામાં મફત શિક્ષણ મેળવવાનો અધિકાર ધરાવે છે.

(A) 5 થી 12 વર્ષ વચ્ચેની હોય

(B) 6 થી 14 વર્ષ વચ્ચેની હોય

(C) 7 થી 15 વર્ષ વચ્ચેની હોય

(D) 6 થી 18 વર્ષ વચ્ચેની હોય

227. ધી રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ એક્ટ, 2016 હેઠળ ઉચ્ચ શિક્ષણના તમામ સરકારી સંસ્થાનો અને સરકાર પાસેથી અનુદાન મેળવતા ઉચ્ચ શિક્ષણના અન્ય સંસ્થાઓએ બેન્ચમાર્ક વિકલાંગતા ધરાવતા બાળકો માટે .......... બેઠકો આરક્ષિત રાખવાની રહેશે.

(A) ઓછામાં ઓછી 3 %
(B) ઓછામાં ઓછી 5 %
(C) ઓછામાં ઓછી 7 %
(D) ઓછામાં ઓછી 10 %

228. જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, 2012 અનુસાર જે બાળક પર આ કાયદા અન્વયે ગુનો થયેલ હોય તે બાળકની તબીબી તપાસ તેના માતા, પિતા કે અન્ય વ્યક્તિ, જેની પર બાળકને વિશ્વાસ હોય તેની હાજરીમાં ..........

(A) મેજિસ્ટ્રેટ પાસે ફરિયાદ નોંધાયા બાદ જ કરી શકાય.
(B) એફ.આઈ.આર. નોંધાયા બાદ જ કરી શકાય.
(C) ફરિયાદ કે એફ.આઈ.આર. નોંધાયા વગર પણ કરી શકાય.
(D) આવા બાળકની તબીબી તપાસ કરાવી શકાતી નથી.

229. કોઈ પણ વ્યક્તિ, બાળકનો સમાવિષ્ટ થયેલો હોય તેવું અશ્લીલ સાહિત્ય વેપાર કરવાના હેતુ થી સંગ્રહિત કરે અથવા ધરાવતો હોવાના આરોપમાં બીજી વખત દોષિત જાહેર થાય તો જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, 2012 પ્રમાણે તેને .......... .

(A) 10 વર્ષ સુધીની સખત કેદની શિક્ષા અને દંડની સજા થઈ શકશે.
(B) 7 વર્ષ સુધીની સખત કેદની શિક્ષા અને દંડની સજા થઈ શકશે.
(C) 3 વર્ષ થી ઓછી નહિ અને મહત્તમ 5 વર્ષ સુધીની સુધીની કોઈ પણ પ્રકારની કેદ અને દંડની સજા થઈ શકશે
(D) 5 વર્ષ થી ઓછી નહિ અને મહત્તમ 7 વર્ષ સુધીની સુધીની કોઈ પણ પ્રકારની કેદ અને દંડની સજા થઈ શકશે.

230. જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, 2012 હેઠળના ગુના માટેની ખાસ કોર્ટ દ્વારા બાળકનો પુરાવો .......... દિવસોમાં નોંધી લેવાનો રહેશે.

(A) 15
(B) 30
(C) 21
(D) 45

231. જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો નિયમ, 2012 હેઠળની ખાસ અદાલતે જો ભોગ બનનાર બાળકને વળતર ચૂકવવાનો હુકમ કર્યો હોય તો તે રકમ રાજ્ય સરકારે કેટલા સમયગાળામાં ચુકવવાની રહેશે ?

(A) અદાલતનો હુકમ મળ્યેથી 30 દિવસમાં
(B) અદાલતનો હુકમ મળ્યેથી 15 દિવસમાં
(C) અદાલતનો હુકમ મળ્યેથી 45 દિવસમાં
(D) અદાલતનો હુકમ મળ્યેથી શક્ય હોય તેટલો વહેલો

232. જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, 2012 હેઠળ કોઈ પણ બાળકની જાતિય સતામણીના ગુના માટે કસુરવારને .......... .

(A) ત્રણ વર્ષ સુધીની ગમે તે પ્રકારની કેદની સજા અને દંડ થઈ શકશે.
(B) પાંચ વર્ષ સુધીની ગમે તે પ્રકારની કેદની સજા અને દંડ થઈ શકશે.
(C) ન્યુનત્તમ એક વર્ષની અને મહત્તમ ત્રણ વર્ષ સુધીની ગમે તે પ્રકારની કેદની સજા અને દંડ થઈ શકશે.
(D) ન્યુનત્તમ ત્રણ વર્ષની અને મહત્તમ સાત વર્ષ સુધીની ગમે તે પ્રકારની કેદની સજા અને દંડ થઈ શકશે.

233. જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, 2012 હેઠળ કોઈ પણ ગુનો કરવાના પ્રયત્ન માટે, જો તે પ્રયત્નના અનુસંધાને કોઈ કૃત્ય કરેલ હોય તો તેને કેટલી સજા થઈ શકે ?

(A) જે-તે ગુનાની મહત્તમ સજાના 1/3 ભાગ જેટલી ગમે તે પ્રકારની કેદની સજા અથવા દંડ અથવા બંને

(B) જે-તે ગુનાની મહત્તમ સજાના 1/4 ભાગ જેટલી ગમે તે પ્રકારની કેદની સજા અથવા દંડ અથવા બંને

(C) જે-તે ગુનાની મહત્તમ સજાના 2/3 ભાગ જેટલી ગમે તે પ્રકારની કેદની સજા અથવા દંડ અથવા બંને

(D) આજીવન કેદની સજાના ઘ ભાગ જેટલી કે જે-તે ગુનાની મહત્તમ સજાના 1/2 ભાગ જેટલી ગમે તે પ્રકારની કેદની સજા અથવા દંડ અથવા બંને

234. જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, 2012 હેઠળની ખાસ અદાલતની રચના નીચેના પૈકી કોણ કરશે ?

(A) જીલ્લાના પ્રિન્સીપાલ ન્યાયાધિશ પાસેથી અહેવાલ મંગાવી રાજ્ય સરકાર કરશે.

(B) રાજ્યપાલ પોતાના હોદ્દાની રુએ કરશે.

(C) રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયાધિશ સાથે મસલત કરી રાજ્ય સરકાર કરશે.

(D) કેન્દ્ર સરકાર, રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયાધિશ સાથે મસલત કરી કરશે.

235. જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, 2012 હેઠળની જો કોઈ બાળક દ્વારા કોઈ વ્યક્તિ સામે આ અધિનિયમ અન્વયેના કોઈ ગુનો કર્યા અંગેની ખોટી ફરિયાદ કરવામાં આવે કે કોઈ ખોટી માહિતી આપવામાં આવે તો આવા બાળકને .......... .

(A) છ માસ સુધીની કેદ અથવા દંડ અથવા બંનેની સજા થઈ શકશે.

(B) આ કાયદા હેઠળ કોઈ સજા થશે નહી.

(C) એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને ની સજા થઈ શકશે.

(D) છ માસ સુધીની સખત કેદ અને દંડની સજા થશે.

236. માતા પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ, 2007 હેઠળ વરિષ્ઠ નાગરિક એટલે .......... વર્ષ કે તેથી વધુ વયના ભારતના નાગરિક.

(A) 58 (B) 62

(C) 60 (D) 65

237. માતા પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ, 2007 હેઠળની જોગવાઈઓ મુજબ જો પોતાનું ભરણ-પોષણ કરી શકવા અસમર્થ હોય તેવા વરિષ્ઠ નાગરિકને તેના સંતાન તરછોડે કે ભરણ-પોષણ કરવા માટે ઈન્કાર કરે તો ટ્રિબ્યુનલ .......... .

(A) માસિક 10,000 થી વધુ નહીં તેટલી રકમ ભરણ-પોષણ પેટે ચુકવવા હુકમ કરી શકે છે.

(B) માસિક 6000 થી વધુ નહીં તેટલી રકમ ભરણ-પોષણ પેટે ચુકવવા હુકમ કરી શકે છે.

(C) માસિક 12,000 થી વધુ નહીં તેટલી રકમ ભરણ-પોષણ પેટે ચુકવવા હુકમ કરી શકે છે.

(D) પોતાને યોગ્ય લાગે તેટલી રકમ માસિક ભરણ-પોષણ પેટે ચુકવવા હુકમ કરી શકે છે.

238. માતા પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ, 2007 હેઠળની ટ્રિબ્યુનલે પ્રકરણ 2 અંતર્ગત હુકમ કરેલ ભરણપોષણની રકમ ચૂકવવા જવાબદાર વ્યક્તિએ તે રકમ ટ્રીબ્યુનલનો હુકમ થયેથી કેટલા દિવસમાં જમા કરાવવાની રહેશે ?

(A) 60 દિવસમાં (B) 45 દિવસમાં (C) 30 દિવસમાં (D) 15 દિવસમાં

239. અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ (દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ, 1960 અન્વયે જો બોર્ડ ઓફ કંટ્રોલના કોઈ સભ્યને સ્ત્રીઓના કોઈ ગૃહનું નિરીક્ષણ .......... .

(A) ઓછામાં ઓછા બે સ્થાનિક સમ્માનીય સ્ત્રીઓની હાજરી સિવાય કરી શકશે નહિ.

(B) ઓછામાં ઓછા 48 કલાક અગાઉ લેખિતમાં જાણ કાર્ય સિવાય કરી શકશે નહિ.

(C) સવારના 9-00 વાગ્યાથી સાંજે 6-00 વાગ્યા સુધીમાં જ કરી શકશે.

(D) જે તે ગૃહના સંચાલકની હાજરી સિવાય કરી શકશે નહિ.

240. માતા પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ, 2007 હેઠળ ટ્રીબ્યુનલ દ્વારા ભરણ-પોષણ.અને કાર્યવાહીના ખર્ચા માટેનું માસિક ભથ્થું મેળવવા માટેની કાર્યવાહી અપવાદરૂપ સંજોગો સિવાય, આવી અરજીની નોટીસની સામાવાળાને બજવણી કર્યાની તારીખથી .......... માં પૂરી કરવાની રહેશે.

(A) 60 દિવસ (B) 90 દિવસ (C) 30 દિવસ (D) 45 દિવસ

241. માતા પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ, 2007 ની જોગવાઈઓ અનુસાર વરિષ્ઠ નાગરિક જેની સંભાળ અને રક્ષણમાં હોય તેવી વ્યક્તિ આવા વરિષ્ઠ નાગરિકનો ઈરાદાપૂર્વક સંપૂર્ણ ત્યાગ કરે તો તે વ્યક્તિને .......... ની સજા થઈ શકે.

(A) ગમે તે પ્રકારની ત્રણ માસ સુધીની કેદ કે રૂપિયા 5000 સુધીનો દંડ કે બંને

(B) ગમે તે પ્રકારની છ માસ સુધીની કેદ કે રૂપિયા 10,000 સુધીનો દંડ કે બંને

(C) ગમે તે પ્રકારની એક માસ સુધીની કેદ કે રૂપિયા 2000 સુધીનો દંડ કે બંને

(D) રૂપિયા 5000 સુધીનો દંડ

242. માતા પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ, 2007 અન્વયે ટ્રિબ્યુનલ વ્યાજ સાથે ભરણપોષણ ચૂકવવાનો હુકમ કરે તો અરજી કર્યાની તારીખથી કેટલા દરે વ્યાજ ચૂકવવાનો હુકમ કરશે ?

(A) વધુમાં વધુ 5%

(B) 5% થી વધુ પરંતુ 12%થી વધુ ન હોય તેટલા દરે

(C) 15% થી વધુ ન હોય તેટલા દરે

(D) 5% થી ઓછો નહીં અને 18% થી વધુ ન હોય તેટલા દરે

243. માતા પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ, 2007 અન્વયે તમામ જિલ્લાઓમાં રાજ્ય સરકાર ન્યુનત્તમ .......... વરિષ્ઠ નાગરિકો રહી શકે તેટલી ક્ષમતા ધરાવતા ઓછામાં ઓછા એક વૃધ્ધાશ્રમની સ્થાપના અને માવજત કરશે.

(A) 100 (B) 150

(C) 75 (D) 200

244. ભિક્ષા પ્રતિબંધક ધારા, 1959 હેઠળ મુખ્ય નિરીક્ષકે, મદદનીશ નિરીક્ષકે અથવા પ્રોબેશન અધિકારીએ દરેક સ્વીકાર કેન્દ્રની અને પ્રમાણિત સંસ્થાની .......... તપાસ કરવી જોઇશે.

(A) દર છ માસે ઓછામાં ઓછી એક વખત

(B) દર ત્રણ માસે ઓછામાં ઓછી બે વખત

(C) દર વર્ષે ઓછામાં ઓછી ત્રણ વખત

(D) દર માસે ઓછામાં ઓછી એક વખત

245. ભિક્ષા પ્રતિબંધક ધારા, 1959 મુજબ રાજ્ય સરકાર દ્વારા કોઈ વિસ્તાર માટે રચવામાં આવેલી સલાહકાર સમિતિમાં રાજ્ય સરકાર નક્કી કરે તેવી .......... થી વધુ ન હોય તેટલી વ્યક્તિઓ રહેશે.

(A) 11
(B) 7
(C) 21
(D) 9

246. ભિક્ષા પ્રતિબંધક ધારો, 1959 અનુસાર સુપ્રિન્ટેન્ડેન્ટની મંજુરી/પરવાનગી વગર પ્રમાણિત સંસ્થામાં રાખવામાં આવેલ કોઈ પણ ભિક્ષુક જો તે સંસ્થા છોડીને જાય તો .......... .

(A) જે જીલ્લા મેજીસ્ટ્રેટની હકુમતમાં આવતા વિસ્તારમાં પ્રમાણિત સંસ્થા આવેલ હોય તેના હુકમથી જ તેની ધરપકડ થઇ શકે છે.

(B) કોઈ પણ ખાનગી વ્યક્તિ દ્વારા તેની ધરપકડ થઇ શકે છે.

(C) કોઈ પણ પોલિસ અધિકારી વગર વોરંટે તેની ધરપકડ કરી શકે છે.

(D) કોઈ પણ પોલિસ અધિકારી વગર વોરંટે તેની ધરપકડ કરી શકે નહીં.

247. ભિક્ષા પ્રતિબંધક ધારા, 1959ની જોગવાઈઓ મુજબ પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ વ્યક્તિ સામે કાર્યવાહી કર્યા બાદ જો તે ભિક્ષા માગવાના બીજી વખતના ગુના માટે દોષિત ઠરે તો અદાલત આ વ્યક્તિને પ્રમાણિત સંસ્થામાં .......... .

(A) એક મહિનાથી વધુ, પરંતુ 3 મહિનાથી વધુ નહિ તેટલા સમય માટે અટકાયતમાં રાખશે.

(B) વધુમાં વધુ છ માસ સુધી અટકાયતમાં રાખશે.

(C) એક વર્ષથી વધુ પરંતુ ત્રણ વર્ષથી વધુ નહિ તેટલા સમય માટે અટકાયતમાં રાખશે.

(D) દસ વર્ષની મુદત સુધીના સમય માટે અટકાયતમાં રાખશે.

248. ભિક્ષા પ્રતિબંધક ધારો, 1959ની કલમ 22 મુજબ લાઇસન્સ પર છોડવામાં આવેલી વ્યક્તિના છુટકારાની શરૂઆતથી .......... પુરા થયેથી કોઈ પણ સમયે, જો મુખ્ય નિરીક્ષકને ખાતરી થાય કે આવી વ્યક્તિ ભિક્ષા માંગશે નહીં તેવો સંભવ છે, તો મુખ્ય નિરીક્ષક તેને બિન શરતી છોડવા માટે રાજ્ય સરકારને ભલામણ કરશે.

(A) 3 મહિના

(B) 2 મહિના

(C) 6 મહિના

(D) 4 મહિના

249. ભિક્ષા પ્રતિબંધક ધારો, 1959 મુજબ જે વ્યક્તિ ભિક્ષા મેળવવા કે માગવા માટે કોઈ પણ વ્યક્તિને નોકરીએ રાખે, દેખરેખ રાખે કે કામે રાખે તો તેવી વ્યક્તિ .......... .

(A) 3 વર્ષથી ઓછી નહિ તેવી 5 વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ઠરશે.

(B) 3 વર્ષથી વધુ નહિ તેટલી મુદત સુધીની કેદની સજાને પાત્ર ઠરશે.

(C) 1 વર્ષથી ઓછી નહિ તેટલી 3 વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ઠરશે.

(D) 5 વર્ષથી વધુ નહીં તેટલી મુદત સુધીની કેદની સજાને પાત્ર ઠરશે.

250. ભિક્ષા પ્રતિબંધક ધારા,1959 મુજબ ભિખારી તરીકે માલૂમ થયેલી વ્યક્તિ બાળક હોય અને તે બાળક .......... થી ઓછી ઉંમરનું ન હોય ત્યારે અદાલત તેને બાળગુના ન્યાયાલય સમક્ષ મોકલી આપશે.

(A) 3 વર્ષથી
(B) 5 વર્ષથી
(C) 7 વર્ષથી
(D) 9 વર્ષથી

251. જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, 2012 હેઠળ જે વ્યક્તિ 12 વર્ષથી ઓછી ઉંમરના બાળક પર ગંભીર જાતીય હુમલો કરે તેને નીચેનામાંથી કઈ સજા થઇ શકે ?

(A) સાત વર્ષથી ઓછી નહિ તેવી ચૌદ વર્ષ સુધીની કોઈ પણ પ્રકારની કેદ અને દંડની સજા
(B) દસ વર્ષથી સાદી કેદની અને દંડની સજા
(C) પાંચ વર્ષથી ઓછી નહિ તેવી સાત વર્ષ સુધીની કોઈ પણ પ્રકારની કેદ અને દંડની સજા
(D) સાત વર્ષ સુધીની સખત કેદ અને દંડની સજા

252. બાળકોને જાતિય ગુનાઓ સામે રક્ષણ આપતા નિયમો, 2012 મુજબ બાળ કલ્યાણ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલ બાળક વિરુધ્ધ તેની સાથે રહેતી વ્યક્તિ દ્વારા જ ગુનો કરવામાં આવ્યો હોય તેવી વ્યાજબી દહેશત ખાસ કિશોર પોલીસ યુનિટ કે સ્થાનિક પોલીસને હોય તો તે અંગેનો રિપોર્ટ મળ્યેથી તે બાળકને બાળ ગૃહ કે આશ્રય ગૃહ માં મોકલવા વિષે સમિતિએ પોતાની સત્તાની રૂએ .......... બાળકને તેના કુટુંબની કસ્ટડીમાંથી લઇ લેવા અંગેનો હુકમ નિર્ધારિત કરવાનો રહેશે.

(A) 3 દિવસની અંદર
(B) 5 દિવસની અંદર
(C) 7 દિવસની અંદર
(D) 2 દિવસની અંદર

253. બાળકોને જાતિય ગુનાઓ સામે રક્ષણ આપતા નિયમો, 2012 મુજબ સ્થાનિક પોલીસને મળેલી માહિતી પરથી માનવાને કારણ હોય કે બાળક વિરુધ્ધ તેની સાથે રહેતી વ્યક્તિએ ગુનો કર્યો છે ત્યારે ખાસ કિશોર પોલીસ યુનિટ (SJPU) કે સ્થાનિક પોલીસે તે બાળકને બાળ કલ્યાણ સમિતિ સમક્ષ .......... .

(A) 3 દિવસની અંદર રજૂ કરવાનું રહેશે
(B) 5 દિવસની અંદર રજૂ કરવાનું રહેશે
(C) રિપોર્ટ મળ્યેથી 24 કલાકની અંદર રજૂ કરવાનું રહેશે
(D) રિપોર્ટ મળ્યેથી 2 દિવસની અંદર રજૂ કરવાનું રહેશે

254. બાળકોને જાતિય ગુનાઓ સામે રક્ષણ આપતા નિયમો, 2012ની જોગવાઈઓ અનુસાર નીચેના પૈકી કોના દ્વારા પોલિસ કર્મચારીઓ માટે તાલીમ ઘડતર અને અમલીકરણ નું માળખું તૈયાર કરવામાં આવે છે જેથી તેઓ જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, 2012 હેઠળના તેમના કાર્યો અસરકારક રીતે કરી શકે ?

(A) સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટસ
(B) જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ
(C) આ કાયદા અંતર્ગતના મુખ્ય નિરીક્ષક
(D) બાળ કલ્યાણ સમિતિ

255. અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ (દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ, 1960 અન્વયે અનાથાશ્રમ કે અન્ય સખાવતી ગૃહની માન્યતાનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જો કોઈ સંસ્થાને ગૃહ ચલાવવાની ઈચ્છા ન હોય તો .......... .

(A) મળેલ પ્રમાણપત્ર અન્યને તબદીલ થઈ શકતું નથી.

(B) રાજ્ય સરકારની પૂર્વમંજૂરી બાદ મળેલ પ્રમાણપત્ર અન્ય સંસ્થાને તબદીલ થઈ શકે છે.

(C) મળેલ પ્રમાણપત્ર અન્ય સખાવતી સંસ્થાને તબદીલ કર્યા બાદ 1 માસમાં રાજ્ય સરકારને જાણ કરવાની રહેશે.

(D) જે સંસ્થા અનાથાશ્રમ કે અન્ય સખાવતી ગૃહ ચલાવવા માગતી હોય તેણે પ્રમાણપત્ર તબદીલ કર્યા બાદ 1 માસમાં રાજ્ય સરકારની મંજૂરી લેવાની રહેશે.

256. અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ (દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ,1960 અંતર્ગતના બોર્ડ ઓફ કંટ્રોલમાં રાજ્ય સરકાર દ્વારા .......... સભ્યો નોમિનેટ કરવામાં આવશે, જે પૈકી ઓછામાં ઓછી .......... સ્ત્રીઓ રહેશે..

(A) 10, 5 (B) 12, 6 (C) 6, 3 (D) 7, 4

257. અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ (દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ,1960 અંતર્ગતના બોર્ડ ઓફ કંટ્રોલ ના અધ્યક્ષ .......... .

(A) ચૂંટણી દ્વારા બોર્ડ ઓફ કંટ્રોલના સભ્યો, તેમનામાંથી ચૂંટશે.

(B) નિવૃત જીલ્લા ન્યાયાધિશની રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવશે.

(C) જીલ્લા અદાલતના ન્યાયાધીશ પોતાના હોદ્દાની રુએ રહેશે.

(D) જે-તે વિસ્તારના સામાજિક કાર્યકરની નિયુક્ત રાજ્ય સરકાર દ્વારા થશે.

258. અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ (દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ,1960 હેઠળ કોઈ સખાવતી ગૃહ માટે માન્યતાનું પ્રમાણપત્ર મેળવવા ઈચ્છતી વ્યક્તિએ તે માટેની અરજી .......... કરવાની રહેશે.

(A) રાજ્ય સરકારના ગૃહ વિભાગના સચિવને

(B) બોર્ડ ઓફ કંટ્રોલને

(C) ચેરિટિ કમિશ્નર ને

(D) રાજ્ય સરકારના સમાજ કલ્યાણ વિભાગના સચિવને

259. ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015 અનુસાર કાયદાના સંઘર્ષમાં આવેલા બાળક સામેની તપાસની કાર્યવાહી જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે પોતાની સમક્ષ પ્રથમ વખત બાળક રજૂ થયેથી સામાન્ય સંજોગોમાં .......... માં પૂરી કરવાની રહેશે, પરંતુ ખાસ સંજોગોમાં બોર્ડ આ કાર્યવાહી વધુ .......... સુધી લંબાવી શકશે.

(A) 3 માસ, 1 માસ (B) 6 માસ, 3 માસ

(C) 2 માસ, 15 દિવસ (D) 4 માસ, 2 માસ

260. ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015 અન્વયે કિશોર એટલે .......... થી ઓછી ઉમરનું બાળક.

(A) 12 વર્ષ (B) 14 વર્ષ

(C) 16 વર્ષ (D) 18 વર્ષ

261. ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015 અન્વયેના જુવેનાઈલ જસ્ટીસ બોર્ડમાં એવા જ સામાજિક કાર્યકરની સભ્ય તરીકે નિયુક્તિ થઈ શકે જેને બાળકો વિષયક આરોગ્ય, શિક્ષણ, કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં ઓછામાં ઓછો .......... વર્ષનો સક્રિય અનુભવ હોય અથવા બાળ સાઈકોલોજી, સાયક્રિયાટી કે લો જેવી વ્યવસાયિક સેવા આપતો હોય.

(A) 3
(B) 5
(C) 7
(D) 10

262. ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015ની જોગવાઈઓ અનુસાર જઘન્ય ગુનો કર્યો હોય એ દિવસે તે બાળકની ઉંમર 16 વર્ષથી ઓછી હોય ત્યારે તેની તપાસની કાર્યવાહીનો નિકાલ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973 મુજબ .......... .

(A) વોરંટ કેસની જેમ કરવાનો રહેશે
(B) સમન્સ કેસની જેમ કરવાનો રહેશે
(C) કાર્યવાહી કરશે નહી
(D) સમરી ટ્રાયલની જેમ કરવાનો રહેશે

263. ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015ની જોગવાઈઓ અનુસાર બાળ કલ્યાણ સમિતિનો અનાથ, તરછોડાયેલ કે આશ્રિત બાળકને દત્તક આપવા માટે કાનૂની રીતે મુક્ત જાહેર કરવાનો નિર્ણય સમિતિના .......... લેવાયેલ હોવો જોઈએ.

(A) ઓછામાં ઓછા પાંચ સભ્યો દ્વારા
(B) ઓછામાં ઓછા ત્રણ સભ્યો દ્વારા
(C) સભ્યો દ્વારા સર્વાનુમતે
(D) હાજર સભ્યો પૈકી ઓછામાં ઓછા અડધા સભ્યો દ્વારા

264. ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015 માં પ્રસ્તુત જોગવાઈઓ અનુસાર બાળકોની સંભાળ અને કાયદા સાથે સંઘર્ષમાં આવતા બાળકોનું રક્ષણ કરતી કોઈ નવી સંસ્થા આ કાયદા અન્વયે નોંધણીની અરજી કરે ત્યારે રાજ્ય સરકાર .......... ના સમયગાળા માટે કામચલાઉ નોંધણી કરી શકે છે.

(A) વધુમાં વધુ છ માસ
(B) વધુમાં વધુ બે માસ
(C) વધુમાં વધુ ચાર માસ
(D) વધુમાં વધુ ત્રણ માસ

265. ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015 અંતર્ગત સંસ્થાનો નોંધણીનો સમયગાળો પૂરો થયેથી તેની પુનઃનોંધણી (રીન્યુઅલ) .......... .

(A) દર બે વર્ષે કરાવવાની રહેશે.
(B) દર ત્રણ વર્ષે કરાવવાની રહેશે.
(C) દર પાંચ વર્ષે કરાવવાની રહેશે.
(D) કરાવવાની જરુરિયાત રહેતી નથી.

266. ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015 હેઠળ માતા-પિતા કે વાલી જેમણે બાળકને બાળ કલ્યાણ સમિતિ સમક્ષ સમર્પિત કરેલું હોય તેમને પોતાના નિર્ણયની ફેરવિચારણા કરવા માટે .......... સમય આપવો જોઈએ.

(A) 45 દિવસનો
(B) 21 દિવસનો
(C) 2 મહિનાનો
(D) 1 મહિનાનો

**267.** ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015ની જોગવાઈઓ અનુસાર અનાથ અને ત્યજી દીધેલાં 2 વર્ષની ઉમર સુધીના બાળકોના માતા-પિતાને શોધવાના પુરતા પ્રયત્નો કર્યા બાદ તેને દત્તક લેવા માટે કાયદેસર રીતે મુક્ત કરતું જાહેરનામું .......... કરવું જોઈએ.

(A) બાળક મળ્યાના 4 મહિના બાદ

(B) બાળક મળ્યાના 6 મહિના બાદ

(C) બાળક મળ્યાના 4 મહિનાની અંદર

(D) બાળક મળ્યાના 2 મહિનાની અંદર

**268.** ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015ની જોગવાઈઓ મુજબ જો કોઈ વ્યક્તિ નશાકારક દારૂ, નાર્કોટિક અને સાયકોટ્રોપિક પદાર્થોના વેચાણ, લાવવા, લઈ જવા કે વહન માટે બાળકનો ઉપયોગ કરે તો તે વ્યક્તિને નીચેના પૈકી કઈ સજા થશે ?

(A) 3 વર્ષ સુધીની સખત કેદ અને રૂ. 50,000 સુધીના દંડની સજા થશે

(B) 7 વર્ષ સુધીની સખત કેદ અને રૂ. 1,00,000 સુધીના દંડની સજા થશે

(C) 5 વર્ષ સુધીની સખત કેદ અને રૂ. 2,00,000 સુધીના દંડની સજા થશે

(D) 10 વર્ષ સુધીની સખત કેદ અને રૂ. 5,00,000 સુધીના દંડની સજા થશે

**269.** ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015 અંતર્ગતની જોગવાઈઓ અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ કોઈ બની બેઠેલ આતંકવાદી સંગઠન કોઈ બાળકની ભરતી કરે કે કોઈ હેતુસર તેનો ઉપયોગ કરે જવાબદાર તમામને .......... ની સજા થશે.

(A) 3 વર્ષ સુધીની સખત કેદ તથા રૂ. એક લાખ સુધીના દંડ

(B) 5 વર્ષ સુધીની સખત કેદ તથા રૂ. ત્રણ લાખ સુધીના દંડ

(C) 7 વર્ષ સુધીની સખત કેદ તથા રૂ. પાંચ લાખ સુધીના દંડ

(D) 12 વર્ષ સુધીની સખત કેદ તથા રૂ. દસ લાખ સુધીના દંડ

**270.** ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015 પ્રસ્તુત જોગવાઈઓ કે પ્રક્રિયાનું પાલન કર્યા સિવાય કોઈ વ્યક્તિ કે સંસ્થા, કોઈ અનાથ, તરછોડાયેલ કે આશ્રિત બાળકને દત્તક આપવાના હેતુથી સ્વીકારે કે આપે તો તે .......... ને પાત્ર બનશે.

(A) 3 વર્ષ સુધીની કોઈ પણ પ્રકારની કેદ અને રૂ. 1,00,000 સુધીના દંડની સજા

(B) 5 વર્ષ સુધીની કોઈ પણ પ્રકારની કેદ અને રૂ. 3,00,000 સુધીના દંડની સજા

(C) 7વર્ષ સુધીની કોઈ પણ પ્રકારની કેદ અને રૂ. 5,00,000 સુધીના દંડની સજા

(D) 10 વર્ષ સુધીની કોઈ પણ પ્રકારની કેદ અને રૂ. 10,00,000 સુધીના દંડની સજા

**271.** ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015 બાળકની માવજત કરનાર સંસ્થાનમાં બાળકની માવજત કરનાર કે બાળકને રોજગારીએ રાખનાર જે કોઈ વ્યક્તિ બાળકને શિસ્તમાં રાખવાના ઉદ્દેશ સહીત શારિરીક શિક્ષા કરે તેને પ્રથમ ગુના માટે .......... ની સજા થશે.

(A) રૂ. 10,000 સુધીના દંડ

(B) રૂ. 5000 સુધીના દંડ

(C) ગમે તે પ્રકારની એક માસ સુધીની કેદ અને રૂ. 5000 સુધીના દંડ

(D) ગમે તે પ્રકારની બે માસ સુધીની કેદ અને રૂ. 10,000 સુધીના દંડ

272. ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015 અંતર્ગત ''ખુલ્લા આશ્રયસ્થાનો''એ આ આશ્રયસ્થાનોની સેવાનો લાભ લેતા બાળકોની નિયત વિગતોની માહિતી બાળ રક્ષણ યુનિટ અને બાળ કલ્યાણ સમિતિને .......... મોકલવાનો રહેશે.

(A) દર ત્રણ માસે એકવાર

(B) દર છ માસે એકવાર

(C) દર બે માસે એકવાર

(D) દર માસે

273. ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015 અંતર્ગત જયારે કોઈ બાળકને ''ફોસ્ટર ફેમીલી''ને સોંપવામાં આવેલ હોય ત્યારે તેવા કુટુંબનું નિરીક્ષણ બાળ કલ્યાણ સમિતિ દ્વારા કેટલા સમયાંતરે કરવાનું રહેશે ?

(A) દર પંદર દિવસે

(B) દર બે મહીને

(C) દર મહીને

(D) દર ત્રણ મહીને

274. રિહેબીલીટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એક્ટ, 1992 અન્વયે માન્ય પુનર્વસન અંગેની લાયકાત ધરાવતા કોઈ વ્યક્તિનું નામ, તે જરૂરી લાયકાત ધરાવતો ન હોવાના કારણે રિહેબીલીટેશન રજીસ્ટરમાંથી કાઢી નાખવામાં આવે તો તે વ્યક્તિ આ હુકમ સામેની અપીલ હુકમની તારીખથી કેટલા દિવસ બાદ થઈ શકશે નહિ ?

(A) 30

(B) 60

(C) 45

(D) 90

275. ધી રિહેબિલિટેશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા એક્ટ, 1992 હેઠળ રચવામાં આવેલ રિહેબિલિટેશન કાઉન્સીલ નિર્ધારિત દિવસે અને સમયે .......... .

(A) દર વર્ષે ઓછામાં ઓછી બે વખત મળશે

(B) દર ચાર માસે એક વખત મળશે

(C) દર ત્રણ માસે ઓછામાં ઓછી એક વખત મળશે

(D) દર વર્ષે ઓછામાં ઓછી એક વખત મળશે

276. ધી રિહેબિલિટેશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા એક્ટ, 1992 અન્વયે રિહેબિલિટેશન કાઉન્સિલમાં કેન્દ્ર સરકાર, ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ એક્ટ, 1956 હેઠળ નોંધાયેલ મેડિકલ તબીબો પૈકી .......... .

(A) વધુમાં વધુ ચાર તબીબોની રિહેબિલિટેશન કાઉન્સીલના સભ્ય તરીકે નિમણૂક કરશે.

(B) વધુમાં વધુ બે તબીબોની રિહેબિલિટેશન કાઉન્સીલના સભ્ય તરીકે નિમણૂક કરશે.

(C) એક તબીબની રિહેબિલિટેશન કાઉન્સીલના સભ્ય તરીકે નિમણૂક કરશે.

(D) ઓછામાં ઓછા એક અને વધુમાં વધુ બે તબીબોની રિહેબિલિટેશન કાઉન્સીલના સભ્ય તરીકે નિમણૂક કરશે.

277. ધી રિહેબિલિટેશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા એક્ટ, 1992 અન્વયે પુનર્વસનની શૈક્ષણિક લાયકાતની માન્યતા માટે યુનિવર્સિટીઓએ પાલન કરવામાં આવતું ન્યૂનતમ શૈક્ષણિક ધોરણ .......... દ્વારા નક્કી કરવામાં આવે છે.

(A) કેન્દ્ર સરકાર

(B) જે રાજ્યમાં યુનિવર્સિટી આવેલી હોય તે રાજ્ય સરકાર

(C) રિહેબિલિટેશન કાઉન્સીલ

(D) યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન

278. કાઉન્સીલની સ્થાપના થયેથી પુનર્વસન પરિષદ બરખાસ્ત થયેલ ગણાશે તેવી ધી રિહેબિલિટેશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા એક્ટ, 1992 ની જોગવાઈ ના સંદર્ભમાં "પુનર્વસન પરિષદ" એટલે .......... .

(A) સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ, 1860 મુજબ નોંધાયેલી મંડળી

(B) ટ્રેડ યુનિયન એક્ટ 1926 હેઠળ નોંધાયેલી સંસ્થા કે યુનિયન

(C) જે તે રાજ્યના નોન ટ્રેડીંગ કોર્પોરશન અધિનિયમ હેઠળ સ્થપાયેલ સંસ્થા

(D) કંપનીઝ એક્ટ, 1956 ની કલમ 25 હેઠળની સ્થપાયેલી બિન-નફા ના ઉદ્દેશ વાળી કંપની

279. ગુનેગાર પરિવીક્ષા ધારા, 1958 હેઠળ ગુનેગારે આપેલ મુચારાકની શરતમાં ફેરફાર કરવાનું યોગ્ય લાગે તો તેવો ફેરફાર .......... .

(A) પરિવીક્ષા અધિકારી રાજ્ય સરકાર સાથે મસલત કર્યા બાદ કરી શકે.

(B) પરિવીક્ષા અધિકારી પોતાના હોદ્દાની રુએ કરી શકે.

(C) કલમ 4 હેઠળ હુકમ કરનાર ન્યાયાલય કરી શકે.

(D) કલમ 4 હેઠળ હુકમ કરનાર ન્યાયાલયથી ઉપરની અદાલત કરી શકે.

280. અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ (દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ,1960 હેઠળ બોર્ડ ઓફ કંટ્રોલ દ્વારા કોઈ સખાવતી ગૃહ માટે નોંધણીનું પ્રમાણપત્ર આપવાનો ઈન્કાર કરવાના કે પ્રમાણપત્ર પરત લેવાના હુકમ સામે નારાજ થનાર વ્યક્તિ .......... સમક્ષ અપીલ કરી શકશે.

(A) રાજ્ય સરકાર કે તેના દ્વારા નિયુક્ત કોઈ સત્તામંડળ

(B) મેનેજીંગ કમિટી કે તેના પ્રતિનિધિ

(C) હાઈકોર્ટ

(D) જીલ્લા મેજીસ્ટ્રેટ

281. અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ (દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ, 1960 ની જોગવાઈઓનો જે કોઈ વ્યક્તિ પ્રથમ વખત જ ભંગ કરવા બદલ કસૂરવાર ઠરે તો તેને .......... ની સજા થઈ શકે છે.

(A) ત્રણ માસ સુધીની કેદ અથવા રૂ. 250 સુધીનો દંડ અથવા બંને

(B) એકમાસ સુધીની કેદ અથવા રૂ. 100 સુધીનો દંડ અથવા બંને

(C) છ માસ સુધીની કેદ અથવા રૂ. 500 સુધીનો દંડ અથવા બંને

(D) એકવર્ષ સુધીની કેદ અથવા રૂ. 1000 સુધીનો દંડ અથવા બંને

282. અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ (દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ, 1960 હેઠળના રાજ્ય સરકારની પૂર્વમંજુરી મેળવ્યા બાદ ગૃહોના નિરીક્ષણ અંગેના વિનિયમો (Regulations) બનાવવાની સત્તા .......... ને છે.

(A) ગૃહના મેનેજર (B) મેનેજીંગ કમિટી (C) બોર્ડ ઓફ કંટ્રોલ (D) રાજ્યપાલ

283. ધી ગુજરાત રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2019 અન્વયેની જોગવાઈઓ અનુસાર જીલ્લા અદાલત કે સમુચિત સત્તામંડળે મર્યાદિત વાલીપણા અંગેનો નિર્ણય ઈચ્છનીય રીતે અરજી મળ્યાથી કેટલા સમયગાળામાં લેવાનો રહેશે ?

(A) એક મહિનામાં (B) 20 દિવસમાં

(C) 45 દિવસમાં (D) બે મહિનામાં

284. ધી ગુજરાત રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2019 હેઠળ અશક્તતાનું પ્રમાણપત્ર કાઢી આપતા સત્તામંડળ સામે કરેલ અપીલનો નિર્ણય અપીલ મળ્યાની તારીખથી વધુમાં વધુ .......... કરવો જોઈએ.

(A) 60 દિવસમાં (B) 45 દિવસમાં

(C) 90 દિવસમાં (D) 30 દિવસમાં

285. ધી ગુજરાત રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2019 હેઠળ નીચેના પૈકી કયું વિધાન અશક્ત વ્યક્તિઓ માટેના રાજ્ય કમિશ્નરની નિમણૂક સબંધી સત્ય નથી ?

(A) સબંધિત વહીવટી વિભાગના સચિવની અધ્યક્ષતામાં શોધ સહ પસંદગી સમિતિની રચના રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.

(B) શોધ સહ પસંદગી સમિતિ સર્વાનુમતે પેનલમાં સમાવિષ્ટ નથી તેવા વ્યક્તિની નિમણૂક કરી શકે.

(C) પ્રસ્તુત રાજ્ય કમિશ્નરની જગ્યા ખાલી પડવાની હોય તેના 6 મહિના અગાઉ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવાની રહેશે.

(D) શોધ સહ પસંદગી સમિતિ માટે સબંધિત વહીવટી વિભાગની સૂચનાઓ આખરી ગણાશે.

286. ધી ગુજરાત રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2019 હેઠળ અશક્ત વ્યક્તિઓ માટેના રાજ્ય કમિશ્નર ના હોદ્દા માટે અરજી કરવાની મહત્તમ વય મર્યાદા કેટલી છે ?

(A) 62 વર્ષ (B) 65 વર્ષ (C) 60 વર્ષ (D) 70 વર્ષ

287. રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2017 પ્રમાણે વિકલાંગતા પર સંશોધન માટેની કેન્દ્રીય સમિતિના નામાંકિત સભ્યોની હોદ્દાની મુદત .......... રહેશે.

(A) તેમની નિમણૂકની તારીખથી 3 વર્ષ સુધીની (B) તેઓ કાર્યભાર સંભાળે ત્યારથી 1 વર્ષ સુધીની

(C) તેઓ કાર્યભાર સંભાળે ત્યારથી 3 વર્ષ સુધીની (D) તેમની નિમણૂકની તારીખથી 1 વર્ષ સુધીની

288. રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2017 પ્રમાણે દરેક સરકારી સંસ્થાએ વિકલાંગ કર્મચારીઓનો રેકર્ડ .......... મુજબ નિભાવવાનો રહેશે.

(A) ફોર્મ નં. 1 (B) ફોર્મ નં. 2 (C) ફોર્મ નં. 3 (D) ફોર્મ નં. 4

289. રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2017 અન્વયે વિકલાંગતાના પ્રમાણપત્ર માટેની અરજી .......... માં કરવાની રહેશે.

(A) ફોર્મ નં. 2 (B) ફોર્મ નં. 1 (C) ફોર્મ નં. 4 (D) ફોર્મ નં. 3

290. રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2017ની જોગવાઈઓ મુજબ જો કોઈ અરજદાર વિકલાંગતા અંગેના પ્રમાણપત્ર માટે યોગ્ય જણાય તો તબીબી અધિકારીએ તેના કારણો .......... .

(A) ફોર્મ નં. 8 માં અરજી મળ્યેથી 1 મહિનાની અંદર લેખિતમાં જણાવવાના રહેશે.

(B) ફોર્મ નં. 4 માં પ્રમાણપત્ર આપવાનો ઈનકાર કર્યેથી 1 મહિનાની અંદર લેખિતમાં જણાવવાના રહેશે.

(C) ફોર્મ નં. 5 માં અરજી મળ્યેથી 1 મહિનાની અંદર લેખિતમાં જણાવવાના રહેશે.

(D) ફોર્મ નં. 5 માં પ્રમાણપત્ર આપવાનો ઈનકાર કર્યેથી 1 મહિનાની અંદર લેખિતમાં જણાવવાના રહેશે.

291. રાઈટ્સ ઑફ પર્સન્સ વિથ ડિસેબલીટીસ રૂલ્સ, 2017 હેઠળ વિકલાંગ વ્યક્તિઓ માટેના ભંડોળનું સંચાલન કરવા માટે રચાયેલા સંચાલક મંડળે .......... .

(A) દરેક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછું 3 વાર મળવાનું રહેશે.

(B) દરેક કેલેન્ડર વર્ષમાં ઓછામાં ઓછું 3 વાર મળવાનું રહેશે.

(C) દરેક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછું 1 વાર મળવાનું રહેશે.

(D) દરેક કેલેન્ડર વર્ષમાં ઓછામાં ઓછું 1 વાર મળવાનું રહેશે.

292. અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ (દેખરખ અને નિયંત્રણ) અધિનિયમ, 1960 અન્વયે અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહો ઉપર દેખરેખ રાખવા માટેના બોર્ડ ઓફ કંટ્રોલની લેખિત પૂર્વ મંજુરી પ્રાપ્ત કર્યા સિવાય કોઈ પણ માન્ય ગૃહ, પ્રાપ્ત સર્ટીફીકેટમાં .......... .

(A) પોતાના નામમાં ફેરફાર કરી શકે છે.

(B) પોતાની સેવાઓના ઉદ્દેશમાં ફેરફાર કરી શકે છે.

(C) પોતાના સ્થળમાં ફેરફાર કરી શકે છે.

(D) પોતાના મેનેજરની ફેરબદલ કરી શકે છે.

293. અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ (દેખરખ અને નિયંત્રણ) અધિનિયમ, 1960 હેઠળ જો કોઈ ગૃહને આ કાયદા કે તે અન્વયેના નિયમોમાંથી મુક્તિ આપતા દરેક જાહેરનામાનું બોર્ડ ઓફ કંટ્રોલ સાથે મસલત કરી કેટલા સમયાંતરે પુનઃરાવલોકન કરવું જોઈશે ?

(A) 3 વર્ષથી વધુ નહિ તેટલા સમયાંતરે

(B) 5 વર્ષથી વધુ નહિ તેટલા સમયાંતરે

(C) દર વર્ષે

(D) 2 વર્ષથી વધુ નહિ તેટલા સમયાંતરે

294. અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ (દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ, 1960 ની કલમ 15 હેઠળ આપવામાં આવતા માન્યતા સર્ટીફીકેટના સંદર્ભમાં નીચેના પૈકી કઈ બાબત સાચી નથી ?

(A) અરજદારને સંભાળવાની તક આપ્યા વિના સર્ટીફીકેટ આપવાનો ઈન્કાર કરતો હુકમ કરવામાં આવશે નહિ.

(B) શરૂઆતમાં ગૃહ ચલાવવા માટે એક વર્ષનું કામચલાઉ સર્ટીફીકેટ આપવામાં આવશે.

(C) સર્ટીફીકેટ મેળવ્યા વગર કોઈ પણ વ્યક્તિ આ કાયદા અન્વયેના કોઈ ગૃહ ચલાવી શકશે નહિ.

(D) અરજદારને બોર્ડ ઓફ કંટ્રોલ દ્વારા સર્ટીફીકેટ આપવાની સત્તા બોર્ડ ઓફ કંટ્રોલને રહેશે.

295. રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એક્ટ, 1992 મુજબ શ્રવણ વિકલાંગ એટલે બંને કાનમાં સંપૂર્ણ બધિરતા કે (બંને પૈકી) સારા કાનમાં .......... અને તેની ઉપરની ક્ષતિ.

(A) 40 ડેસીબલ (B) 50 ડેસીબલ (C) 70 ડેસીબલ (D) 80 ડેસીબલ

296. રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એક્ટ, 1992 અન્વયે રેહિબીલીટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ કયા પ્રકારનો અનુભવ ધરાવતા વ્યક્તિ બની શકે ?

(A) સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશ

(B) સામાજિક કાર્ય કે પુનર્વસનના કાર્યમાં અનુભવ હોય તેવી વ્યક્તિ

(C) પૂર્વ ડીરેક્ટર જનરલ ઓફ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રીસર્ચ

(D) ચૂંટાયેલ સંસદ સભ્ય

297. ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015 ના અમલથી નીચેના પૈકી કયો કાયદો રદ્દ થયેલ છે ?

(A) ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2000

(B) ધી જુવેનાઈલ જસ્ટિસ એક્ટ, 1986

(C) ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2004

(D) ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2010

298. સર્વોચ્ચ અદાલત દ્વારા રુપેન દેઓલ બજાજ વિ. કે. પી. એસ. ગીલ [(1995) 6 SCC 194] ના કેસમાં આરોપીને નીચેના પૈકી ક્યા ગુના માટે કસુરવાર ઠરાવવામાં આવેલ ?

(A) વ્યભિચાર

(B) સ્ત્રીની લજ્જાનો અનાદર કરતુ કૃત્ય

(C) દહેજ મૃત્યુ

(D) ઘરેલું હિંસા

299. ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ, 2005 અન્વયે કોઈ વ્યક્તિ પારિવારિક હિંસાનું કૃત્ય થયું છે કે થવાની સંભાવના છે એવું માનવાને કારણો હોય અને તેથી તે સુરક્ષા અધિકારીને આ અંગે માહિતી આપે અને તપાસ કરતા એવું સાબિત થાય કે આવું કોઈ જ કૃત્ય બન્યું નથી તો તે વ્યક્તિને નીચે પૈકી કઈ સજા થઇ શકે ?

(A) કોઈપણ સજાને પાત્ર નથી

(B) એક માસ સુધીની કેદની સજા અથવા રૂપિયા 500 સુધીનો દંડ અથવા બંને

(C) માત્ર 1000 રૂપિયા સુધીના દંડની

(D) રૂપિયા 500 સુધીના દંડ અને ઠપકો આપવાની સજા

300. ગુનેગાર પરિવીક્ષા ધારા, 1958 હેઠળ પરિવીક્ષા પર છૂટેલ ગુનેગાર, બોન્ડની શરતના પ્રથમ ઉલ્લંઘન બદલ કરવામાં આવેલ દંડ ભરવામાં કસૂર કરે તો તેને .......... .

(A) મૂળ ગુના મુજબની શિક્ષાથી બેવડી શિક્ષા થશે.

(B) રિહેબિલિટેશન ધારાના ત્રણ માસની કેદની સજા થશે.

(C) મૂળ ગુના મુજબની શિક્ષા થશે.

(D) મૂળ ગુના જેટલી શિક્ષા અને રૂપિયા 10,000 સુધીના દંડની શિક્ષા થશે.